

# અધ્યાત્મ

વર્ષ-૪ અંક-૧ ઓકટોબર-૧૯૮૨

## નવા આજીવન સભ્યો

અધ્યાત્મના વાંચક સમુદાયમાંથી નવા નવા આજીવન સભ્યો નોંધાતા જાય છે. છેલ્લે નોંધાયેલ આજીવન સભ્યો નીચે પ્રમાણે છેઃ–

| | | |
|---|---|---|
| ૨૫૫ | શ્રી મનહરલાલ એફ. ભોજાણી, મોરબી | રૂા. ૨૫૧ |
| ૨૫૬ | ,, રમણભાઈ મોતીભાઈ પટેલ, વડોદરા | ,, ૨૫૧ |
| ૨૫૭ | ,, ભાનુકુમાર નાયક, મુંબઈ | ,, ૨૫૧ |
| ૨૫૮ | ,, હરિચંદ્ર હરજીવનદાસ જાની, મુંબઈ | ,, ૨૫૧ |
| ૨૫૯ | ,, ગૌત્તમકુમાર બાબુભાઈ ભટ્ટ, અમદાવાદ | ,, ૨૫૧ |
| ૨૬૦ | ,, ચંદ્રકાન્ત નાનુભાઈ ઠાકર, અમદાવાદ | ,, ૨૫૧ |
| ૨૬૧ | ,, હંસરાજભાઈ એમ. પ્રજાપતિ પાલનપુર | ,, ૨૫૧ |

## પરદેશના આજીવન સભ્ય

૨૭ શ્રી રમણભાઈ રામભાઈ પટેલ,
કોર્પ્સ ક્રીષ્ટી, ટેક્સાસ — રૂા. ૧૫૦૧
( શ્રી ઈશ્વરભાઈ આર. પટેલ તરફથી )

## સદ્‌ભાવભરી ભેટ

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રત્યે પૂજ્ય ને આદરભાવ રાખતા સાધક ભાઈબહેનો –શુભ કે અન્ય પ્રસંગોએ અધ્યાત્મને યાદ કરીને ભેટ મોકલતા રહે છે. તે સહુ અભિનંદનના અધિકારી છે.

રૂા. ૩૬ શ્રી ભરતકુમાર શાહના જન્મદિન નિમિત્તે
શ્રીમતી કાન્તાબેન તરફથી
,, ૨૭ શ્રી આર. જે. દેસાઈ તરફથી
,, ૧૧ ,, અંબરિષભાઈ કાન્તિલાલ કાકા તરફથી
,, ૧૧ ,, દીપકભાઈના જન્મદિન નિમિત્તે



પ. પૂ. યોગેશ્વરજી તથા પૂ. મા જ્યોતિર્મયી

## બે વરસ

બે વરસ
વીતી ગયાં છે બે વરસ
મટી તોય નથી હજી તીખી તરસ,
રચાયું મંદિર નથી, ક્યાંથી કળશ ?
કરી દો સ્નેહાળ સંજીવનસ્પરશ.

—યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસના નવા જ દ્વાર ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૧ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| માતાને પ્રણામ | ૩ | શ્રી યોગેશ્વરજી |
| વાંચકોને | ૫ | તંત્રી |
| પૂ. માતાજી જ્યોતિર્મયી-મારી નજરે | ૬ | શ્રી નારાયણ હ. જાની |
| મહાત્માજીનું પુનઃ આગમન | ૧૧ | શ્રી ભાઇલાલભાઈ છાટબાર |
| માતા | ૧૭ | શ્રી યોગેશ્વર |
| તમારો ત્યાગ | ૧૮ | શ્રી યોગેશ્વર |
| વિદ્યાલય | ૧૯ | શ્રી યોગેશ્વર |
| લાજ | ૨૦ | શ્રી યોગેશ્વર |
| મૂરખ | ૨૧ | શ્રી યોગેશ્વર |
| દર્શન દો ને | ૨૨ | શ્રી યોગેશ્વર |
| માતાજીના પ્રેરક જીવન પ્રસંગો | ૨૪ | શ્રી યોગેશ્વર |
| પાલનપુરનો પ્રવચન-પ્રવાસ | ૩૯ | શ્રી સર્વેશ્વરી |
| समत्वम् योग उच्यते | ૪૪ | શ્રી ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ |
| ત્રાટક | ૪૯ | શ્રી મણિભાઈ શાહ |
| પ્રકાશના પંથે | ૫૨ | શ્રી દીપકભાઈ મહેતા |
| જપનો મહિમા | ૫૭ | ફાધર વાલેસ |
| રામકથા | ૬૦ | શ્રી યોગેશ્વર |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૪ ઓક્ટોબર-૧૯૮૨ અંક : ૧

## માતાને પ્રણામ

**શ્રી યોગેશ્વરજી**

શાસ્ત્રોએ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વરુણ, પૃથ્વી જેવા પ્રાણવાન પ્રેરક પદાર્થોને દેવતા તરીકે ઓળખાવ્યા છે. પ્રત્યક્ષ દેવતા. એ દિવ્યતાથી સંપન્ન છે. અને માનવ તથા માનવેતર જગતના ધારણ પોષણની પ્રક્રિયામાં એક અથવા બીજી રીતે મદદરૂપ થાય છે. સંસારની સુખશાંતિમાં એમનો ફાળો અનિવાર્ય અને ખૂબજ મોટો મનાય છે. પરંતુ માનવજીવનના ધારણપોષણ તથા પ્રાદુર્ભાવનો જેની સાથે સીધો સંબંધ છે ને જેના વિના એના અસ્તિત્વનું અનુમાન પણ નથી કરી શકાતું; માનવ આ અવનીમાં અવતરીને શિશુસ્વરૂપે જેના દેવદુર્લભ દર્શનનો સૌથી પ્રથમ લહાવો મેળવે છે, તે પ્રત્યક્ષ દેવતા બીજા જ છે. દેવોનાદેવ પરમાત્મા જ જાણે કે એ દેવતાના રૂપમાં પોતાના સમસ્ત પવિત્રતમ પ્રબળ-પ્રેમ પારાવારને પ્રાણમાં ભરીને આ પૃથ્વીપર પ્રગટે છે, અને પોતાની અસાધારણ મમતા, પ્રીતિ, લાગણીશીલતા, નિર્મળતાદ્વારા પોતાનો પરિચય કરાવે છે. સૌથી વધારે પ્રત્યક્ષ તથા સમીપવર્તી એ દેવતા, દેવોનાદેવ, માતા પોતે છે. એ હોત જ નહીં તો પૃથ્વીપર પ્રાદુર્ભાવ પામીને માનવ સૂર્યચંદ્ર જેવા અન્ય પરમપ્રતાપી પ્રાણવાન દેવતાનું દર્શન સૌભાગ્ય ના પામી શકત.

માતાના મંગલમય માધ્યમ દ્વારા માનવ અંદર અને બહાર

રહેલી પરમાત્માની પરાત્પર પુનિત ચેતનાના સંસર્ગમાં આવે છે. માતારૂપી પ્રત્યક્ષ દેવતા એને માટે પોતાના સમસ્ત જીવનધનનું સમર્પણ કરે છે. એનું મંગલમય મંદિર બને છે. માતા જેમ એને માટે એમ એ પણ માતાને માટે દેવતા બને છે. માતાને લીધેજ એ પરમાત્માની પરમસનાતન દૈવીશક્તિમાં વિશ્વાસ રાખે છે.

માતા સિવાયના મૃત્યુલોકની, માનવ અને માનવેતર જીવનની, કલ્પના પણ ના કરી શકાય. માતા સૌના મૂળમાં, કેન્દ્રસ્થાનમાં હોય છે. એના સ્નેહ સિવાય સૃષ્ટિ શ્વાસ લઈ શકે નહીં. એની મમતાવિના મહીમંડળ શોભા ધારે કે મધુર લાગે નહીં. એની હૂંફ વગર હૈયાં, હોઠ, હરક્ષણ હસે નહીં. એના સમર્પણ સિવાય સર્જનનો રસ ટકે નહીં. એની આંખમાં દેવ, વાણીમાં ગંગાયમુના સરખી સુધામયી સરિતા, એના સ્પર્શમાં સ્વર્ગનું સામ્રાજ્ય, મુખમંડળમાં મુક્તિનો મહારસ, એના નામમાં નવનીત જાદુ, એના અણુએ અણુમાં દૈવિશક્તિ. એને અવલોક્યા પછી કોઈ દેવને અવલોકવાનું ના રહે. એને ઓળખ્યા પછી કોઇ દેવને, દેવોના દેવ પરમેશ્વરને પણ ઓળખવાના ના રહે. એના મહિમાને જેટલો પણ જાણવામાં આવે, ગાવામાં આવે, આત્મસાત કરવામાં આવે એટલોજ આનંદ. એટલી ધન્યતા. કૃતાર્થતા. શાંતિ. પરિતૃપ્તિ. બંધનમુક્તિ.

નવરાત્રીના પર્વદિવસો દરમિયાન માતાની આરાધના કરવામાં આવે છે. એ માતા આપણી પાસે ને સાથે છે એવું સમજીને એને આરાધીએ તો આપણી આરાધના કેવી કલ્યાણકારિણી, શકવર્તી બની જાય ? જે માતા મંદિરમાં છે, પૂજામાં છે, તેજ ઘરમાં છે. તેનુંજ પ્રતિરૂપ આપણી સાથે શ્વાસ લે છે. એવી પ્રતીતિ થાય, એ માતાની સેવા થાય, તો જીવન ધન્ય બની જાય.

પ્રત્યેક સ્થળે ને ગૃહે રહેનારી, ભગિની, માતા સુપુત્રી, સખી સહધર્મિણીના વિવિધ સ્વરૂપે વિહરનારી, જીવનને જ્યોતિર્મય, સુખમય, સ્વર્ગીય કરનારી એ મહામાતાને પ્રણામ. અનેકાનેક પ્રણામ. અનંત આદરપૂર્વક પ્રણામ !



## ...વાંચકોને...

પ. પૂ. માતાજી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ તા ૪–૧૦–૮૦ના રોજ ભાવનગર ખાતે થયો. તા. ૪–૧૦–૮૨ એમની બીજી સંવત્સરી છે. તેથી સહજ રીતે પૂ. માતાજીના સ્મરણાર્થે આ અંકમાં પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીએ તેઓશ્રી વિષે લખેલ પ્રેરક પ્રસંગો તેમજ ‘ તર્પણ ’ નામના માતૃઅંજલિ કાવ્ય સંગ્રહમાંથી કેટલીક કવિતાઓ ખાસ મૂકી છે–આપણુ સહુની અંજલિરૂપે.

‘ તર્પણ ’નું પ્રકાશન ટૂંક સમયમાંજ થનાર છે.

એ જ રીતે તેઓશ્રીએ લખેલ ‘રામચરિત માનસ’—નો ૮૦૦ પાનાનો ગુજરાતી કાવ્ય ગ્રંથ પણ તા. ૧–૧–૮૩ સુધીમાં પ્રસિધ્ધ થનાર છે. તા. ૩૦–૧૧–૮૨ સુધીમાં ગ્રાહક થનારને તે માત્ર રૂા. ૪૦માં મળશે તે પછી એની કિમ્મત રૂા. ૬૫–૦૦ રહેશે

શ્રી. યોગેશ્વર ધ્યાનકેન્દ્રો મારફત એના પૈસા ભરી શકાય છે.

‘ તર્પણ ’ અને ‘ રામચરિત માનસના ’ પ્રકાશકનું સરનામુઃ-શ્રી. કુમ કુમ પ્રકાશન મંદિર, માસુ નાયકની પોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ–૧ છે.

## શ્રદ્ધાંજલિ

પ. પૂ. મા શ્રીઆનંદમયી અને સંત શ્રી સાંઇશરણાનંદજીના દેહવિલયની ઘટનાઓ સપ્ટેમ્બર ’૮૨માં બની તે સાધકો ને સંતપ્રેમીઓ માટે દુઃખદ છે.

એમ માનવું રહ્યું કે એમના પાર્થિવ તનુઓનું કાર્ય પુરૂં થતા તેઓ પરમજ્યોતિમાં ભળી ગયાં. આમ છતાં, તેમનાં જીવન ને શક્તિ અનેક વર્ષો સુધી સાધકોને પ્રેરણા પાતાં રહેશે. એવી એ આધ્યાત્મિક વિભૂતિઓને આપણે શ્રદ્ધાંજલિ આપ્યાં સિવાય કેમ રહી શકીએ !

—તંત્રી

# પૂ. માતાજી જ્યોતિર્મયી—મારી નજરે.

નારાયણ હ. જાની

પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીને નજીકથી ઓળખવાનું ને જાણવાનું સૌભાગ્ય મને છેક ૧૯૪૯થી મળ્યું. તે વર્ષે તેઓ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી સાથે પહેલીવાર મુંબઇ આવેલાં અને અમારાં મહેમાન બનેલાં. સાચું કહું તો મહેમાન નહિ પણ કૌટુમ્બિક આત્મીય જન જેવાં બનેલાં.

તે વખતે હું મુંબઈના સી. પી. ટૅન્ક વિસ્તારનાં કુંભાર ટુકડાના એક મકાનમાં રહેતો હતો. આ મકાન ચાલી પદ્ધતિનું હતું. એમાં પહેલે માળે એક નાની બે ખંડની અમારી ઓરડી હતી. ઓરડી નાની હતી અને એમાં છ જેટલાં માણસો તો રહેતાં હતાં—પરંતુ દૂધમાં સાકાર ભળી જાય તેમ પૂ. માતાજી અમારા પરિવાર સાથે સરળતાથી ભળી ગયાં.

ગામડા ગામમાંથી તેઓ આવેલાં. એટલે ખાસ્સી મોકળાશમાં રહેલાં. આમ છતાં નાની ઓરડીની સંકડાશ તેમને મૂંઝવનારી ન નીવડી. પૂ. માતાજીએ ભલે હાઇસ્કુલ કે વિદ્યાલયનું શિક્ષણ નો'તું લીધું. પરંતુ તેઓમાં ગમે તે પરિસ્થિતિમાં પોતાની જાતને ગોઠવી દેવાની શક્તિ ને આવડત ખૂબ ભારે હતી; એનું પહેલું દર્શન મુંબઈના મને એ સમયે થયું.

પૂ. માતાજીને તે વખતે જોયેલાં તેનું સુરેખ સ્મરણ આજે પણ મનની આંખ આગળ એવું જ પડેલું છે. તેઓ કોઈ સીધા સાદા ગ્રામજન જેવાં લાગતાં. ઉમ્મર ચાલીસ ઉપરની છતાં શરીરનો બાંધો ઠીક ઠીક કહી શકાય તેવો.



વૈધવ્યને લીધે, બ્રાહ્મણ રૂઢિ પ્રમાણે તેઓ માથે વાળ ન રાખતાં. કપાળ મોટું, ને આંખો તેજસ્વી. આંખો ને મોંઢાની રેખાઓ જોતાંજ પૂ. મહાત્માજીના મુખારવિંદ સાથેનું મળતાપણું જણાઈ આવે એટલી બધી સુસ્પષ્ટ. પૂ. મહાત્માજી ઉપર એક માને હોય એવો જ પ્રગાઢ પ્રેમનો ભાવ. એમાં વૈધવ્ય પછીના જીવનના આધાર સમા પુત્ર પ્રત્યેના ભાવની ઉત્કળતા ભળે એ સ્વાભાવિક છે. ભણવામાં તેજસ્વી અને અનેક સદ્ગુણોથી સંપન્ન પુત્રને જોઇને કોઈ પણ માનું હૈયું સ્વાભાવિક રીતે હરખાય—એવું, છતાં એ પુત્ર અન્ય લાખો લોકોના યુવાનોની જેમ સંસારમાં પડવાની ના પાડી—ઈશ્વરના સાક્ષાત્કારની ધૂન લઈ, હિમાલય સેવવા ચાલી નીકળે—ત્યારે એ માના મનની મથામણની તો વાત જ શી રીતે થાય !

એમાં પૂરું રૂઢિચુસ્ત સમાજ વચ્ચે જીવવાનું—જેમણે જીવનમાં કદી સાચા ધર્મ ને અધ્યાત્મ અંગે કશું વિચાર્યું નથી—ને જે આવા ત્યાગને કેવળ બાવા બની જવા સિવાય બીજી કોઈ રીતે સમજી કે મૂલવી શકતો નથી, એના મહેણાં ટોણાં સાંભળવાનો ! પુત્રના સંસાર ત્યાગનું દુઃખ અને બીજી બાજું સામાજિક સંબંધીઓનાં અનેક પ્રકારનાં ટીકા ટીપણો. આ બધા વચ્ચે પણ પૂ. માતાજી ખૂબ અડગ રહ્યાં ને પૂ. મહાત્માજી અને એમની સાધનાને સમજી શક્યાં. એ કેટલી મોટી વાત કહેવાય !

એ સમજને લીધેજ, પૂ. મહાત્માજી એમની યોગ્યતા સમજી ગયા અને પોતાની સાધના ને તપવ્રતોનાં સાક્ષી થવાનું સૌભાગ્ય એમને આપ્યું.

પૂ. માતાજી ખૂબ બહાદુર હતાં એ એમના પ્રારંભના કષ્ટપ્રદ જીવન સંઘર્ષને જોતાં જણાઈ આવે છે.

માત્ર છવ્વીસ વર્ષની જ વય ને ઘરના એક માત્ર આધાર એવા પતિનું આકસ્મિક અવસાન, ખેતીના જાત મહેનત માગતો વ્યવસાય, કુટુમ્બની સાવ સામાન્ય આર્થિક સ્થિતિ ને વૃદ્ધ સાસુ, ને બે નાનાં બાળકોનો ઉછેર, આ બધી વિપત્તિઓ વચ્ચે પણ માતાજી ખૂબ ધીરજથી ટકી રહ્યાં. વ્યક્તિની આંતરિક હિમ્મત ને આત્મવિશ્વાસ વગર એ નજ બની શકે.

૧૯૪૬ પછી પૂ. મહાત્માજીના પરિચિતોનું વર્તુલ પણ વિસ્તરવા માંડેલું. એટલે કેટલીકવાર પૂ. શ્રી. સરોડા ગામે હોય ત્યારે કેટલાક લોકો અવારનવાર સરોડા ગામે દર્શને જતા. એમાં કોઇ કોઇવાર ચાર પાંચ કે છસાત મહેમાનો એકી સાથે આવી જાય; ત્યારે પણ પૂ. માતાજી ખૂબ પ્રેમપૂર્વક બધાંને ખવડાવે ને એમના રહેવાની વ્યવસ્થા કરે. એમાં એમની આવડતની કુનેહ જણાઈ આવતી, કારણ કે ઘરનાં ટાંચાં સાધનોથી આ બધી વ્યવસ્થા કરવાનું કામ ગમેતેવાને મૂંઝવી દે એવું જણાતું. છતાં બહાર કોઇને ખબર પણ ન પડે, તેવી રીતે પૂ. માતાજી આ બધું ગોઠવી દેતાં. વળી તેઓ જ્યારે પીરસવા કે જમાડવા બેસે, ત્યારે એટલા બધા પ્રેમ ને ભાવથી જમાડે કે ભૂખની સંતૃપ્તિ તો થાય, પરંતુ એમાં જે વાત્સલ્યભાવ ભળે એ જમાડનારના હૃદયને ભીંજવ્યા વગર રહેજ નહિ. આવી રીતે પૂ. માતાજીના હાથનું જમવાનું ભાગ્ય મને પ્રભુએ કેટલીકવાર આપ્યું છે, જેની સ્મૃતિઓ મનમાં ને ભાવ હૃદયમાં સંગ્રહાયેલાં પડ્યાં છે.

પૂ. માતાજીનો અન્નપૂર્ણામય ભાવ પૂ. શ્રી સાધના કરતા ને હિમાલયનાં ઋષિકેશ કે અન્ય તીર્થોમાં વસતા ત્યારેય છતો થયા વિના રહેતો નહિ. તેઓ પૂ. શ્રીને મળવા કે



દર્શને આવતા સાધુ સંતો ને બીજાઓને પ્રેમપૂર્વક આમંત્રી જમાડતાં. સાધુ કે અભ્યાગતનો હંમેશ આદર કરતાં ને કદીક અતિથિ માટે પોતાનું ભોજન પણ પ્રેમથી આપી દેતાં અચકાતાં નહિ.

પૂ. માતાજી–પૂ. મહાત્માજી સાથે ૧૯૪૮ માં દેવપ્રયાગમાં રહેવા ગયાં. પૂ. શ્રીની સાધનાનું એ સ્થળ આ વર્ષે અમને જોવા મળ્યું; ત્યારે થયું કે પૂ. મહાત્માજી તો સાધનાના ધ્યેયને લઇને આ એકાંત સ્થાનમાં વસ્યા, પરંતુ પૂ. માતાજી શી રીતે બે વર્ષ સુધી રહી શકયાં હશે ! તંદુરસ્ત માણસનેય એકવાર ચઢતાંય હાંફ ચઢી જાય એવો પર્વતીય ઢાળ ચઢીને વૃક્ષોની ઘટા વચ્ચેના એકાંતમાં, ચોમાસામાં ને રાત્રિના અંધકારમાં વસવું–ઘણું કષ્ટપ્રદ લાગે. માણસમાં ત્યાગ વૈરાગ્ય હિમ્મત, ને તિતીક્ષા સિવાય ત્યાં ન જ વસી શકે. વળી સર્પો ને રીંછોની વચ્ચે રહેવું-એ પ્રભુ પરની અટલ શ્રદ્ધા વિના ન થઇ શકે.

પૂ. માતાજીનો મહાત્માજી માટે કેવો અદ્‌ભૂત ભાવ ! એમણે કદી કોઈ પણ મુશ્કેલીનો વિચાર સરખો ન કર્યો ને પૂ. જ્યાં જ્યાં વસ્યા. રહ્યા, ત્યાં ત્યાં કેવળ એમના પ્રત્યેના પ્રેમને લઇને પ્રેમપૂર્વક રહ્યાં.

પૂ. માતાજીના વ્યક્તિત્વનો વિકાસ પણ ઘણો અદ્‌ભૂત કહી શકાય તેવો થયો. ૧૯૪૬માં મેં પ્રથમવાર જોયેલ માતાજી–ને પછી જોયેલ માતાજીમાં ઘણો તફાવત દેખાઇ આવતો.

પૂ. શ્રીના સાન્નિધ્યે તેઓમાં આધ્યાત્મિકતા પૂર્ણપણે આવિર્ભાવ પામી પૂ. માતાજી એક સંસારી મટી, ત્યાગી

સાધક તરીકે પરિવર્તન પામ્યા. નિયમિત પૂજા, પાઠ, ધ્યાન, જપ કરતાં–નિયમોનું પાલન પરિભ્રમણમાં પણ આગ્રહપૂર્વક કરતાં થયાં. સાંસારિક જીવો પ્રત્યેનો એમનો સમભાવ એવો-જ છતાં કશામાં આસક્તિ કે મમત્વ નહિ. પરિચિત દુઃખી વ્યકિતઓના દિલાસાનું સ્થાન, વાત મૂકવાનું ઠેકાણું–છતાં એવીજ અલિપ્તતા. દિવસો જતાં એમનો પ્રેમ ને વાત્સલ્યભાવ ખૂબ વિસ્તૃત થતો ચાલ્યો ને છેલ્લાં વરસોમાં પૂ. શ્રીની સાથે સહુસાધકો પૂ. માતાજીને પણ પ્રેમપૂવર્ક વંદન કરતા થયા. એમનામાં એમને મા જગદંબાના ગુણોનું દર્શન થતું. પૂ. માતાજી ક્રમેક્રમે માનવ મટી ભગવતી સ્વરૂપે જાણે પૂ. શ્રી સાથે વિચરી રહ્યાં હોય અને મા જગદંબા પોતેજ જાણે એમના સાધનાકાળનાં સાક્ષી બનવા માનવદેહ ધરી ન આવ્યાં હોય એમ લાગતું!

૧૯૮૦માં જરૂર પૂરી થતા, એ જ્યોતિર્મયી મા જ્યોતિમાં ભળી ગયાં–આપણને અનેક પ્રેરણાદાયક પ્રસંગોની ભેટ ધરીને.

એ માતાની સ્મૃતિને અંજલિ આપ્યા વિના શી રીતે રહી શકાય!

જય જય હે જ્યોતિર્મયી મા,
જય જય હે તપસ્વિની મા.

વંદુ તુજને વારંવાર–
વંદુ તુજને વારંવાર.

પૂ. શ્રી સર્વેશ્વરી માની પૂ. માતાજીની અંતિમ યાત્રા પ્રસંગની આ ધૂન આજે પણ કાનોમાં ગૂંજી રહી છે. ને પૂ. માતાજીની સ્મૃતિઓ જગાવી રહી છે.



# મહાત્માજીનું પુનઃ આગમન

(૯૯ મો ઉપવાસ–દિન)

ભાઇલાલભાઈ છાટબાર

તા. ૨–૧–૫૫ ના રોજ રાતના સમયના મહુવા–સ્ટેશન ઉપરના સ્વાગત માટેનું આયોજન કરી અમે ત્રણેય–મુ. નરોત્તમભાઈ, મહાશંકરભાઇ અને હું–તે સવારે મુ. વડીલ શેઠબાપા, નગરશેઠ શ્રી હરિલાલભાઇને સ્વાગતમાં સામેલ રહેવા વિનંતી કરવા ગયા. એમણે સ્વાગત માટે આવનારા, બે વર્ષ પહેલાંના જૂના પરિચિત પ્રેમીચાહકોના કુલ બાર-પંદર નામ અમારી પાસેથી જાણી, પાંચ–સાત અન્ય અગ્રગણ્ય ધર્મપ્રેમીભાઇઓનાં નામ ઊમેરવાનું સૂચવ્યું. સ્ટેશને સ્વાગત માટે આવનારાઓની સંખ્યા આમ વીશ–બાવીશની થઈ. શેઠબાપાએ સૂચવેલ ભાઇઓને અમે મળી લીધું અને તેઓ પ્રસન્નતાપૂર્વક જોડાયા.

રવિવાર, તા. ૨–૧–૫૫ ની રાતે આઠ પહેલાં અમે સૌ મહુવા–સ્ટેશને પહોંચી ગયા. પાંચેક અન્ય ભાઇઓ પણ સ્ટેશને આવ્યા હતા.

પધારવાનું નક્કી થતાં પહેલાં, પત્રથી જાણ હતી કે નવરાત્રમાં શરૂ કરેલ ઉપવાસો હજી ત્રણ મહિના બાદ પણ ચાલુ છે.

મહાત્માજીને આજે ૯૯ મો ઉપવાસ છે. આસો નવરાત્રના ઉપવાસ એકાદશી સુધી ૧૧ દિવસ માત્ર પાણી ઉપર કર્યા છે અને ત્યાર પછીના આજ સુધીના ૮૮ ઉપવાસો, દિવસમાં એક વાર માત્ર દસ તોલા દૂધ લઈ પાણી ઉપર ચાલી રહેલ છે.

ભાવનગર–મહુવા ટ્રોલી (રેલ્વે મોટર કાર-આર. એમ.

સી.) આવી પહોંચતાં અમે સૌ ઉત્સુક નજરે પ્લેટફોર્મ ઉપર ઊભા રહી તે તરફ જોઈ રહ્યા હતા. ત્યાં તો મહાત્માજીએ કમ્પાર્ટમેન્ટના ફાટક પરથી આગમનસૂચક હાથ ઊંચો કર્યો, અમે સૌ તે કમ્પાર્ટમેન્ટ પાસે ક્રમબદ્ધ એકત્રિત થઈ ગયા.

મહાત્માજી કમ્પાર્ટમેન્ટમાંથી નીચે ઊતરતાં, મહાત્માજીને અને માતાજીને સર્વપ્રથમ ફૂલહાર અને ચરણવંદન મુ શેઠબાપાએ કર્યા. મુ. નરોત્તમભાઈ બાજુમાં જ હતા. તેમણે શેઠબાપાનો પરિચયવિધિ કર્યો. શેઠબાપાએ મહાત્માજીને સુખશાતા પૂછી અને નિમંત્રણ સ્વીકાર્યા બદલ આભાર વ્યક્ત કર્યો. આમ બંને વચ્ચે અનુનય-વિનય પૂરો થતાં અન્ય સૌએ ફૂલહાર અને ચરણવંદન કર્યા–મુ. શેઠબાપા વિશે યોગ્ય પરિચય અગાઉથી મહાત્માજીને પત્રમાં લખાયેલ તો હતો જ.

'શેઠબાપા' ના વ્હાલસોયા નામે સંબોધાતા–ઓળખાતા આ પીઢ શાણા વયોવૃદ્ધ વડીલનો આદર અહીં સારાય શહેરમાં થતો હતો તેમજ અન્યત્ર વસેલ અહીંના રહેવાસીઓ પણ એમની અદબ આમન્યા જાળવતા હતા. સૌનું હિત હૈયામાં ધરાવતા અને સૌનું ભલું ચાહતા–જોતા એવા શેઠબાપાનું ઉમદા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ નાના–મોટા સૌના હૃદયમાં સન્માનનો ભાવ પ્રેરતું.

મહાત્માજીએ સૌ પરિચિતોની ખબર પૂછી અને અપરિચિતો પ્રત્યે પણ પ્રેમભર્યું સ્મિત વેરી થોડા શબ્દોથી, જાણે તેઓ પણ પરિચિત હોય તેમ, તેઓના સ્વાગતનો સ્વીકાર કર્યો.

મહાત્માજીનું શરીર સારી રીતે કૃશ થઇ ગયેલું દેખાતું હતું. ચહેરાનો ગોરો રંગ બદલાઇને જરા ઝાંખો પડી ગયો



હતો. આંખો નીચે કાળાં વળિયાં પડી ગયાં હતાં. લમણાં પાસે બંને બાજુએ સોપારી સમાઇ શકે તેવાં ઊંડા ખાડા દેખાતા હતા.

વાણીનું માધુર્ય, મક્કમતા, તેજસ્વીતા અને તાકાત જેવાં ને તેવાં જ હતાં.

અમે સૌ ધીરે ધીરે વાતો કરતા કરતા સ્ટેશનની બહાર આવ્યા અને નવ પહેલાં વાઘવાળા બંગલાના ઉતારા પર પહોંચી ગયા.

ઉતારા માટે પસંદ કરાયેલ આ બંગલાના કમ્પાઉન્ડના મુખ્ય ફાટકની બંને બાજુએ ઊંચે દિવાલ ઉપર વાઘની પથ્થર–કૃતિઓ છે તેથી તે વાઘવાળા બંગલાના નામે ઓળખાય છે.

હજી આ નાનકડા શહેરમાં વીજળી અને નળની સગવડ થઇ નહોતી. એ પેટ્રોમેકસ (અને ચાર ફાનસ) થી સભાખંડ અને વિશાળ લાંબી લોબીમા બેસનાર શ્રોતાવૃંદ માટે પ્રકાશનો પ્રબંધ કરેલો.

ત્યા ઉતારા પર લગભગ ૪૦–૫૦ ભાઇ-બહેન ઉપસ્થિત હતાં. વ્યાખ્યાનખંડમાંની બેઠક ઉપર મહાત્માજીએ આસન લીધું કે તરતજ સૌ પ્રેમી ભકતોએ ક્રમે ક્રમે વંદન કર્યાં. શ્રોતાવૃંદ સભાખંડમાં અને બાજુની ઓશરીઓમાં ગોઠવાઇ ગયું. પ્રવચન ૯–૦૦ થી ૯-૪૫ સુધી ચાલ્યું.

પ્રવચન દરમિયાનની તેજસ્વી વાક્ધારાનો પ્રવાહ મંત્રમુગ્ધ કરે તેવો છે. આવતીકાલથી રાતે એક કલાક માટે રોજના પ્રવચનોનો કાર્યક્રમ રહેનાર છે, તે માટેની ભૂમિકા મહાત્માજી બાંધી રહેલ છે.

બે વર્ષ પહેલાં ભક્તિસૂત્રમાં જ્યાંથી અટકયા હતા ત્યાંથી આગળ ચાલી રહેલ છે. આજનું મંગળ પ્રવચન ટૂંકમાં આ પ્રમાણે હતું:-

"જપ કર્યા સિવાય પણ નામસ્મરણ થતું જ રહે, ધારણા કર્યા સિવાય પણ ધ્યાનમાં રહ્યા કરે, સંકલ્પ કર્યા સિવાય પણ બધાં કર્મ સમર્પણભાવે થતાં રહે, ભજનસમાધિ સિવાય પણ હર પળે અખંડ સ્થિતિ ભોગવાતી રહે અને વિષયોના ભોગ સિવાય પણ નિરંતર આત્માનંદની મસ્તીમાં તલ્લીનતા અનુભવાય તેને જ 'શુદ્ધભકત' નામ અપાય છે.

"શુદ્ધ ભકત પ્રભુમાં અને પ્રભુ શુદ્ધ ભકતમાં વાસ કરે છે. તદ્રૂપ થઇ પ્રભુને ભજનાર અનન્ય ભકતમાં પ્રભુનું ઐશ્વર્ય પ્રતિબિમ્બિત થાય છે.

"આર્ત, જિજ્ઞાસુ ને અર્થાર્થી ભકતને પરમાત્મપ્રાપ્તિ થતી નથી. પ્રેમીને જ્ઞાની ભકત જ પ્રભુને પામે છે.

"સાચી ભકિતના ફળ સ્વરૂપે મનુષ્યમાં આમૂલ પરિવર્તન થઈ જાય છે. તેનો સ્વભાવ અને પ્રકૃતિ પણ બદલાઈ જાય છે અને તેનું મન મંગળ અને કલ્યાણકારી સંકલ્પો વાળું બને છે. તે વધુ ઉદારચિત્ત બની જાય છે.

"હું કંઈ જ કરતો નથી, બધું પરમાત્મા જ કરે છે, તેવી ભગવદ્મય વૃત્તિ સર્વશ્રેષ્ઠ છે. અકર્તાનો ભાવ જાગે ત્યારે ભકત આદર્શ ભક્ત બને છે.

"ભકત પરમ શ્રદ્ધાથી ઉપેત હોવો જોઇએ. સંકટ આવતાં શ્રદ્ધા ડગી જાય તે સાચી શ્રદ્ધા નથી. શ્રદ્ધાની સાચી કસોટી પ્રતિકૂળ પ્રસંગોમાં થાય છે. ઈશ્વરમાં, પોતાની જાતમાં અને ધારણ કરેલ મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા જોઇએ.



મંત્ર અને ગુરુ બદલવામાં કેટલાક સાધકોના જીવનનો અમૂલ્ય સમય વેડફાઇ જાય છે.

"નિત્યયુકતની સ્થિતિ આદર્શ ભકતની સ્થિતિ છે. તેનું ભજન અખંડ હોય છે. નિત્યયુકત અને સતતયુકત ભકતના જીવનમાં પ્રજ્ઞાનો પવિત્રતમ પ્રદીપ પ્રજ્વલિત થાય છે.

"પ્રેમનું પ્રાકટ્ય સતત નિરંતર ભજન દ્વારા થઇ શકે છે. અખંડ ભજન જોઇએ. સંસારમાં વહેતી વૃત્તિઓને પરમાત્મા તરફ વહેતી કરી દે ત્યારે 'અવ્યાવૃત' ભજન થયું કહેવાય.

"શરણાગતિ સ્વીકારેલ ભક્તની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી."

આજના આ વાર્તાલાપ વખતે શ્રોતાવૃંદમાંથી કોઇને પણ એમ ન લાગ્યું કે મહાત્માજીને લાંબા ચાલેલા ઉપવાસોનો કે પ્રવાસનો થાક છે. વાણીમાં એવી જ તાઝગી, એવું જ માધુર્ય અને એવી જ સીધી-સાદી ભાષાનું શબ્દલાલિત્ય છે.

પ્રવચન અને ધૂન પૂરાં થતાં પાંચ-સાત જૂના પરિચિતો સિવાય સૌએ પ્રણામ કરીને રજા લીધી. પછી પાછળ રોકાયેલા અમને જાણવામળ્યું કે મહાત્માજીએ ગઇકાલે સવારે સિહોર સ્ટેશનેથી ગૌતમેશ્વર જઈ ત્યાંના ગુફાનિવાસી એક સંતપુરુષ શ્રી હનુમાનદાસજી મહારાજની મુલાકાત લીધેલી. ત્યાં અડધો કલાક રોકાઈ ફરીથી સિહોર સ્ટેશન સુધી પગે ચાલીને આવેલ. આમ જતાં-આવતાંનું દસ-બાર કિલોમીટરનું અંતર કાપ્યું હતું. સિહોરથી ભાવનગર જઈ ત્યાં રાત રોકાયા હતા અને આજે બપોરે ૩-૦૦ વાગ્યે નીકળી દ્રોલીમાં અહીં આવી પહોંચ્યા હતા.

મહાત્માજીના ઉપવાસ આ કસોટીપૂર્ણ સમયગાળામાં ગોરધનભાઈને જ જરૂરિયાત અનુસાર બધું ગોઠવ્યા કરવાનું સોંપેલ છે. મહાત્માજીને હજી આવતી કાલે ઉપવાસ છે.

અમે અન્ય સૌએ પ્રણામ કરીને વિદાય લીધી.

આજ અહીંના સૌ પ્રેમીભક્તોની મનસૃષ્ટિએ નૂતન શોભા ધારણ કરી છે. આંગણે આવી રહેલા આ ભવ્ય પ્રકાશ–ઉત્સવ હરેકના મનના ખૂણેખૂણામાં આનંદની લહેર તરંગિત કરી રહ્યો છે. અમારા સૌના જગતમાં બધો સમય, અમૃતરસ અનંત ગગનમાંથી ઉભરાઈને મનની ધરતી ઉપર ટપકી રહ્યો છે. સ્મૃતિસુધાથી ભરપૂર બે વર્ષ પહેલાંના વિદાયના પાત્રને–પરમ-શક્તિની કોઈક કૃપા જાણે–પ્રેમ અને કરુણાથી છલોછલ ભરી દઈને, અમને મિલનના ઉત્સવ સ્વરૂપે પાછું આપી રહેલ છે. સૌ ભક્તહૃદય પ્રાણસભર અનુરાગે દીર્ઘકાલીન પ્રતીક્ષા પછી આનંદથી પુલકિત બની ઉલ્લસી રહેલ છે.

## ખાસ સૂચના

અધ્યાત્મ માસિકનું ત્રીજું વર્ષ પૂરું થયું છે. એટલે ચોથા વર્ષ માટે જે ગ્રાહકોએ પોતાનાં લવાજમ ભરી દીધેલ છે, તેમને સમયસર અંક મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે લોકોનાં લવાજમ નથી મળેલ, તેઓને અંકો મોક-લવામાં નહિ આવે.

જેઓએ લવાજમ ભરેલ હોય, છતાં અંક મળવામાં વિલંબ થાય તો તંત્રીનું તુરત ધ્યાન ખેંચવા, તેમજ પત્ર-માં લવાજમ ક્યાં ને ક્યારે ભરેલ છે, તેની વિગત દર્શાવવા વિનંતિ છે.



## માતા

શબ્દોમહીં મધુર મંગલ શબ્દ માતા
સૌથી વિશેષ સુખકારક શબ્દકોશે,
સૌથી પવિત્ર વધુ શાંતિભરેલ નાનો
મોટો છતાંય મહિમામય શબ્દ માનો.

આરંભ શૈશવતણો શુચિ થાય ત્યારે
જોવાય મા પ્રથમ એ જ બની વિધાત્રી
પોષે પ્રસન્ન શિશુને નિજ પ્રાણપ્યારે,
પુષ્પો ઊગે પ્રથમ કોમળ એ જ ક્યારે.

સૌ યોનિમાં પરમ માનવયોનિ માની,
એમાં વિશેષ મહિમાન્વિત યોનિ માની;
નીર્મે સદા પુરુષને મધુ શ્રેષ્ઠ માતા,
વંદે પવિત્ર પદને સુર ને વિધાતા.

મંત્રોમહીં પરમમંગલ મંત્ર માતા,
અર્પે સમુન્નતિ સનાતન શક્તિ જ્ઞાતા;
રૂપો અનેક ધરતા વિભુ કિન્તુ અંતે
રૂપે કૃતાર્થ બનતા રસપૂર્ણ માના.

—યોગેશ્વર

## તમારો ત્યાગ

તમે છોડી સર્વે વિષય જગના જંગલ રહ્યાં;
યુવાનીમાં છોડી ગૃહસ્વજનસંપત્તિ સુખદા
તજી પર્યંકોને પ્રતિદિવસ પૃથ્વી પર સૂતાં;
સહ્યાં કષ્ટો સ્નેહે હિમગિરિતણા તીર્થસ્થળમાં;
ઘણા સર્પો રીંછો પશુ વિવિધ ને વ્યાઘ્રવચમાં
વિપત્તિને વેઠી; મન વશ કરી ઇન્દ્રિયતણા
તમે નાથ્યા અશ્વો અનવરત ડૂબ્યાં રસમહીં;
મને દીસે બીજું પુનિત ખલુ દૃષ્ટાંત જ નહીં.

તજે આત્મા માટે મનુજ સુખસંપત્તિપદને,
અરણ્યે એકાંતે તપરત બને ઈશચરણે,
સમર્પે સામગ્રી સકળ જગની ધ્યાન ધરવા;
તમે કિન્તુ છોડ્યું સકળ મુજ માટે વનમહીં
રહેવાને સાથે પરમસુખના શ્વાસ ધરતાં;
તમારો તો દૈવી અતુલ અદકો ત્યાગ જગમાં.

—યોગેશ્વર



## વિદ્યાલય

વિશ્વવિદ્યાલયપ્રવેશ કરી અહીં
તમે ડિગ્રી મેળવી કોઈ નહીં;
અલ્પ ભણતર ભણ્યાં કૌમાર્યે તમે
પૂછતા કોઈ કહેતાં તો અમે
ચાહતાં ભણવા છતાં ભણવાતણી
વધારે અનુકૂળતા મળતી નહીં;
કહેતાં સ્વજનો ન આવશ્યક જરી
કુમારીને કારકિર્દી સ્કૂલની.

વિશ્વવિદ્યાલયતણી ડિગ્રી તમે
મેળવી ના નામમાત્ર ભણ્યાં ભલે,
અલ્પ ભણતર કિન્તુ ગણતરથી વધ્યાં
સદા આગળ અનેરું ચણતર કર્યું;
વિશ્વવિદ્યાલયમહીં બ્રહ્માંડના
ભણી જીવન મહાવિદ્યાલય ગણ્યું.

—યોગેશ્વર

## ભાગ્ય

નિસર્ગના ખોળે ખેલેલાં ધારી જન્મ તમે,
એવી માતા મેળવવાનું પામ્યાં ભાગ્ય અમે.
ગૌરવ છે અમને એ માટે; કુડકપટ શોષણ
અનાચાર અન્યાય કર્યા ના; પામીને પોષણ
જર્જર શાંત મઢૂલીમાંથી બન્યાં સર્વને વંદ્ય
તમને મેળવવાનું પામ્યાં ભાગ્ય અમે બલવંત.

જીવન સાદું, શુદ્ધ વિચારો, વિશદ તમારી વાણી,
નિર્ભયતા સ્વાશ્રય અપરિગ્રહ સહજ સરળતા ભારી;
પ્રેમ ટેક નિઃસ્વાર્થ તમારી ઉપકારકતા ન્યારી,
પીવાનું મૂકીને પાતાં અન્યજનોને પાણી.
છાયા ધરતાં તાપ સહીને, અશ્રુ લૂછતાં રોઈ,
ઘા રૂઝવતાં જખમી દિલના સુખ પોતાનું ખોઈ;
શાંત સ્વમાની પવિત્ર પ્રભુમય જીવનને જીવનારાં
જ્યાં પણ વિચર્યાં વસ્યાં ત્યાં બન્યાં સર્વજનોનાં પ્યારાં.
બગાડ્યું નહીં કોઈનુંયે બગાડવા ના માગ્યું,
સદા સુધાર્યું અન્ય જનોનું બગડ્યું નિજ છો લાગ્યું.

નાના ગામે જન્મ ધરીને જગનાં થયાં તમે
એવી માતાને મળવાનું પામ્યાં ભાગ્ય અમે.

—યોગેશ્વર



## મૂરખ

આહીં નથી કે ત્હારું
મૂરખ ! કરતો મ્હારું મ્હારું...આહીં નથી...

દિનકર ત્હારો ? શશિયર ત્હારો ? તારક અંકિત આભ ?
સરસરિતા કે કુંજનિકુંજો ? વસુન્ધરા અણુમાપ ?
રત્નાકર, સચરાચર સર્જન સર્જનહારનું સારું
મૂરખ ! આંહીં નથી...

આ સંસાર રચ્યો ત્હેં એ તો ક્ષણ ક્ષણ ક્ષરમાં સરતો,
આધિવ્યાધિ કૈંક ઉપાધિઃ દેહ દેહી શું ભરતો,
આદિમા જે મધમીઠું તે અન્તે વિષનું જાણું
મૂરખ ! આંહીં નથી...

સગાંસણીજાં, માલખજાના, જે જે નિજનાં માને,
કામક્રોધમાયામમતામાં મસ્તમદીલા તાને,
જે જે પ્યારું, કાળે ખારું, અધરે દિન અકારું;
મૂરખ ! આંહીં નથી...

કોઇ કોઇનું ના સંસારે, માયાનો પરપોટો,
આ જગ કર્તાહર્તા મોટો, વિનિમય સર્વે ખોટો,
આત્મદીપ જો ના પ્રગટ્યો તો અંતે ઘોર અંધારું;
મૂરખ ! આંહીં નથી...

ડૉ. રણજિતત પટેલ (અનામી)

## દર્શન દો ને !

(રાગ–કેદાર)

આજ પ્રભુ તમે કૃપા કરોને,
આજ પ્રભુ દિલે પ્રેમ ધરોને,
હવે પ્રભુ તમે દરશ દોને,
હવે પ્રભુ તમે શરણ લોને.

વારંવાર આવું હું દ્વારે,
ખોજત નયનો સાંજ સવારે,
ચિરવિરહ શું નિયતિ નિયમ છે ?
આજ પ્રભુ કંઇક નિર્ણય કરોને !

નયન વરસી વરસી થંભ્યા,
પ્રાણ તલસી તલસી અટક્યા,
શ્રદ્ધા ભક્તિ અડગ ખૂટેના,
પ્રેમ સ્વરૂપ બની આવો.

ગીત ગંગાથી હું રીઝાવું,
ઠંડી આહે પ્રાણ થીઝાવું,
મન મંદિરે પ્રતીક્ષા પળપળ,
રીઝાઇને પ્રભુ આવો.



તમે અમારા દેવ બન્યા છો,
શ્વાસ અને પ્રભુ પ્રાણ બન્યા છો,
મુજ રંકને ઝાઝું ન રીબાવો,
વહાલ વહાવી હૈયે સમાવો.

ગોપી જેવી ઘેલી બનાવો,
મીરા જેવી મસ્તી જગાવો,
પ્રભુ, પ્રેમમાં પાગલ બનાવી,
બીજું બધું વીસરાવો.

રંજના દેસાઈ

પુષ્પ ખીલ્યા વિના ખરતું નથી. અને ખરવું એ સરજનનો ધર્મ છે. વિકાસમાં જ વિનાશના પણ બીજ રહેલા છે. એ સતત ધ્યાનમાં રાખી ચાલનારને સહસા પસ્તાવાનો વખત આવતો નથી.
શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
શાંતિભાઈ કનેરીયા
ઓઇલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧
ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

# માતાજીના પ્રેરક જીવનપ્રસંગો

શ્રી યોગેશ્વરજી

## મુરારીલાલની સેવા (૧)

માતાજી હિમાલયના દેવપ્રયાગનગરમાં સૌથી પહેલાં મારી સાથે એમના સાસુના સ્વર્ગવાસ પછી સંસારનાં ખાસ બંધનોમાંથી મુક્તિ મેળવીને શાંતિપૂર્વક રહેવાં આવ્યાં ત્યારે એમનું કામ ધાર્યાં કરતાં ઘણું કપરું હતું.

એમને હિંદી કે ગઢવાલી ભાષા આવડતી નહોતી, અને દેવપ્રયોગમાં કોઈને ગુજરાતીનું જ્ઞાન ન હતું.

મારું સમગ્ર મન એ વખતે અને એ પછી વરસો સુધી એકાંતિક સાધનાત્મક અભ્યાસક્રમમાં મળેલું હોવાથી હું અધિકાંશ એક આસન પર ધ્યાનમાં જ બેસી રહેતો. મોટે ભાગે મૌનવ્રત રાખતો હોવાથી એમની અથવા અન્ય કોઈની સાથે ખાસ વાર્તાલાપ ના કરતો. મારી પાસે દસપંદર દિવસે એકાદવાર ભાગ્યે જ કોઈક પ્રેમી સેવાભાવી સત્સંગી પુરુષ આવતા. એટલે એમને એ એકાંત અરણ્યના અમારા આવાસ સ્થાનમાં એકલા જ રહેવું પડતું. રસોઈનું, કપડાં ધોવાનું, વાસણ ઉટકવાનું, કામ પણ આરંભમાં એમને જ કરવું પડતું. રાતે એ સ્થાન ભયંકર લાગતું. રાતે અમે દીવો પણ ના કરતાં. અમારા આશ્રયસ્થાનની આજુબાજુ અવારનવાર સાપ, વાઘ, રીંછ આવી જતા. એવા સઘળાં સંજોગોમાં ત્યાં રહેવાનું કામ ખૂબ જ કપરું તથા કષ્ટપ્રદ હતું. ઈશ્વરની અનુકંપા અને મજબુત મનોબળ વિના એવા સ્થાનમાં રહેવાનું સહેલું ન હતું. માતાજી મારી સાથે રહેતાં એ ત્યાંની



જનતાને અતિશય આશ્ચર્યકારક લાગતું. એમણે તો મારી સાથે સદાને માટે રહેવાનો નિર્ણય કરેલો. સુખ આવે કે દુઃખ, સંપત્તિ મળે કે વિપત્તિ, અને સંજોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ, એમણે તો નિરધારેલું કે ગમે તે ભોગે પણ મારી સાથે જ રહેવું છે.

એ એકાંત શાંત પર્વતીય સ્થાનમાં એ મારી સાથે બે વરસ રહ્યાં ત્યારે એમને બે વાર ચા પીવાની ટેવ હતી. ચા પણ ખૂબજ કડક જોઈતી. કોઈની બનાવેલી ચા કેટલીકવાર પસંદ ના પડતી તો, એ પોતાના હાથે ફરીવાર પોતાની ઈચ્છા પ્રમાણેની ચા બનાવી લેતાં. દેવપ્રયાગમાં હું મારા આશ્રયસ્થાનને છોડીને વધારે ભાગે ક્યાંય જતો નહીં અને મારા સમગ્ર સમયને અંતરંગ સાધનામાંજ પસાર કરતો, એટલે ચાને માટે દૂધ લેવા એમને જ જવું પડતું. રોજ સવારે અમારી કુટિરથી નીકળીને પર્વતના વાંકાચૂંકા ચઢાણ–ઉતરાવવાળી કપરી કેડીઓથી પસાર થઈને એ દેવપ્રયાગના બસ સ્ટેન્ડ પાસેની દુકાને જતાં ને દૂધ લઈને પાછાં ફરતાં. એ કષ્ટ સાધ્ય કેડી પરથી પસાર થતાં ને પાછા આવતાં એમને શ્રમ તો લાગતો જ. પરંતુ બીજો કોઈ વિકલ્પ ન હતો. ચા પીવી હોય તો દૂધ લેવા માટે જવું જ જોઈએ એવી પરિસ્થિતિ હતી.

એમાંય વરસાદની ઋતુમાં પગદંડીનો રસ્તો ભીનો ને ચીકણો થયો હોય ને કોઈકવાર વચ્ચે વચ્ચેથી કપાઈ ગયો હોય ત્યારે તો એમની ખૂબ જ કપરી કસોટી થતી. એમ થતું કે દૂધ લેવા રોજરોજ નીચે જવું ના પડે ને કોઈ સ્થાનપર દૂધ પહોંચાડે તો સારું. પરંતુ એવી રીતે દૂધ કોણ પહોંચાડે ?

એમને થયું કે સર્વસંગ પરિત્યાગ કરીને મેં આ એકાંત અરણ્યમાં વાસ કર્યો છે તો ઈશ્વર મને મદદ કરશે. એ તો દીનબંધુ છે. દયાળુ છે. એ જરૂર કોઇક વ્યવસ્થા કરશે.

મને એમણે એમના મનોભાવોને કહી બતાવ્યા. મેં એમને જણાવ્યું કે તમારી ભાવનાને લક્ષમાં લઇને ઈશ્વર તમને જરૂર સહયાતા પહોંચાડશે.

બીજે દિવસે એ વરસતા વરસાદમાં પર્વતની પગદંડી પરથી દૂધ લેવા માટે પસાર થતાં'તાં. ત્યારે દૂર દેવપ્રયાગ-ના રસ્તા પરથી ત્યાંના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી મુરારી-લાલે એમને જોઈ લીધાં. સાંજે કુટિરપર આવીને એમણે ભારે સંવેદનશીલ સહાનુભૂતિભર્યા સ્વરે માતાજીના પર્વત પ્રવાસનું કારણ પૂછ્યું. મારી વાત સાંભળીને એ તરત જ બોલી ઉઠ્યા. માતાજી દેશમાંથી નવાં જ આવેલાં છે. એમને રોજ રોજ આવી રીતે આવી કપરી કેડી પરથી પસાર થવા ના દેવાય. કોઈ વાર આફતમાં પડી જાય તો જોખમ થાય. એમને દૂધ માટે જવું પડે છે, તો આવતી કાલથી રોજ સવારે અમારા પોલીસ સ્ટેશનનો પોલીસ અહીં દૂધ પહોંચાડશે. માતાજીને નીચે જવાની આવશ્યકતા નહીં રહે.

માતાજી એમ કોઇની સેવા લેવા સહેલાઇથી તૈયાર થાય તેમ ન હતાં એટલે બોલ્યા: તમે મારે માટે શા માટે કષ્ટ ઉઠાવો છો ?

મુરારીલાલે જણાવ્યું: એ કષ્ટ નથી આનંદ છે. અમે તમારાં બાળકો છીએ. તમારી સેવા કરવાનું અમારું કર્તવ્ય છે. અમને આટલી સેવા અવશ્ય આપો.

માતાજીએ ઘણી આનાકાની કરી તો પણ મુરારીલાલે એમનો આગ્રહ ચાલુજ રાખ્યો.



છેવટે એમની સાચી સેવાભાવનાને નિહાળી મેં એમને દૂધ પહોંચાડવા માટે અનુમતિ આપી. બીજા દિવસથી રોજ પ્રભાતે પોલીસે દૂધ પહોંચાડવા માંડ્યું એટલે માતાજીને એ કઠોર કર્મમાંથી મુક્તિ મળી.

બીજે વરસે પણ આરંભથી અંત સુધી એજ ક્રમ ચાલુ રહ્યો.

એ 'પ્રસંગમાં માતાજીના સ્વભાવનાં દ્વિવિધ પાસાંઓનું પ્રતિબિંબ પડે છે. એક તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ પોતાનું કાર્ય પોતે જ કરી લેવાની આત્મનિર્ભર થવાની અને ઇશ્વર પર વિશ્વાસ રાખી એમની મદદ માગવાની ભાવના. અને બીજું પોતાને માટે બીજાને કષ્ટ ના આપવાની. બીજાને તકલીફમાં ના મૂકવાની તમન્ના. એમના એ ગુણો એમના જીવનના અંતસમય સુધી એમના વિશદ વિશાળ વ્યક્તિત્વનું અવિભાજ્ય અભિન્ન અંગ બનીને રહેલા. એમના જીવનમાં તાણા ને વાણાની પેઠે ભળી ગયેલા.

## વાણીની વેધકતા (૨)

વરસો પહેલાંની વાત છે. આજથી લગભગ ત્રીસેક વરસ પહેલાંની ઇ. સ. ૧૯૫૦ની મુંબઇની.

એ વખતે અમે મુંબઇમાં માધવબાગના સેનિટોરિયમમાં થોડાક સમયને માટે એક સત્સંગી ભાઈ સાથે રહેલા.

માતાજીને એ વખતે એક દિવસ દાંતનો દુખાવો થયો. એ સી. પી. ટૅન્ક પર આવેલા એક ડૉકટરના દવાખાનામાં ગયા.

ડૉકટર થોડાક વાચાળ તર્કવિતર્કની ટેવવાળા તથા ટીકા-ખોર હતા. એમણે માતાજીને વાત વાતમાં પૂછ્યું: મહાત્માજી તો હિમાલયમાં રહીને સાધના કરે પરંતુ તમે શું કરો ?

માતાજીએ શાંતિથી છતાંપણુ સત્વર પ્રત્યુત્તર પુરો પાડયો, એમની સેવા કરું. ડોકટરને સંતોષ ના થયો. એમણે એમના સ્વભાવને અનુસરીને વ્યંગાત્મક વાણી પ્રહાર કર્યો; તમે મહાત્માજીની સેવા કરો કે એ તમારી સેવા કરે ? કોણે કોની સેવા કરવી જોઈએ ?

માતાજીએ જણાવ્યું એ મારી સેવા કરે ને હું એમની કરું અમે બંને અમારી સૂજ, સમજ તથા શક્તિ પ્રમાણે એકમેકની સેવા કરીએ છીએ એમાં ખોટુ શું છે ?

ડોકટરની વાણી બંધ થઈ. એમની તર્કશક્તિ કુંઠિત બની.

મારી પાસે પહોંચીને માતાજીએ એ આખોય પ્રસંગ કહી બતાવ્યો, ત્યારે મારું માન એમને માટે વધી ગયું. મને થયું કે એક સાધારણુ અક્ષરજ્ઞાન વાળી ગ્રામમાતાએ એક શહેરી ડોકટરને શાંત કરી દીધા. એમની વાણીમાં એવી વેધકતા હતી અને અનુભૂતિનો રણકો.

## નિરધાર (૩)

દેવપ્રયાગના શાંત એકાંત પર્વત પ્રદેશના નિવાસસ્થાનમાં માતાજી ગુજરાતના એક સાધારણુ પછાત જેવા ગામડામાંથી સૌથી પહેલાં મારી સાથે રહેવા આવ્યાં, ત્યારે એમને માટે એ અનુભવ એકદમ અવનવો હતો. એવા એકાંત અરણ્યમાં એ કદી રહ્યાં ન હતાં. ગુજરાતની ભૂમિમાં તો વરસો સુધી વસ્યાં હોવાથી એની સાથે એમની એક પ્રકારની આત્મીયતા હતી. પરંતુ હિમાલયની ધરતી એમને માટે સદેહે જ અન્ય લોકમાં જવા જેવી અનોખી હતી. એ પ્રાચીન ગૌરવવાળી ઋષિમુનિસેવિત દિવ્ય ભૂમિમાં એ મારે લીધે જ મારી સંપૂર્ણ સંમતિથી આવેલાં. એમના મનમાં મારી સાથે રહેવાનો અને ચેન કેન પ્રકારેણુ રહેવાનો દૃઢ સંકલ્પ હોવાથી



એ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ બનતી સ્વસ્થતાપૂર્વક રહી શક્યાં અને ક્રમે ક્રમે એ પરિસ્થિતિને અનુકૂળ થઇ શક્યાં.

જંગલની અમારી કુટિર કાચી અને છેક જ નાની હતી. એમાં અમારી બંનેની પથારી થતી અને વચ્ચે એક વેંત જેટલી જગ્યા બાકી રહેતી. નવી જગ્યામાં સ્વાભાવિક રીતે જ રાતે એમને સંતોષકારક રીતે ઉંઘ ના આવતી, એટલે રાતનો કેટલોય વખત એ જાગીને પાસાં ફેરવીને પસાર કરતાં.

આરંભના થોડાક દિવસો સુધી એવું ચાલ્યું. એ પછી એક દિવસ એમણે મને જણાવ્યું કે તમે રાતે સુતા હો એવું નથી લાગતું. રાતે જ્યારે પણ બારીના સાધારણ અજવાળામાં જોઉં છું, ત્યારે તમે બેઠેલા જ દેખાવ છો. તમે સુતા નથી ?

મેં એમને જણાવ્યું કે મેં દિવસોથી રાતે જાગવાની અને ધ્યાનાદિ કરવાની ટેવ પાડી છે. જીવનમાં જો અલ્પ સમયમાં સાધનાનાં મહત્ત્વનાં સોપાનોને સર કરવાં હોય તો ઉંઘમાં થોડોક કાપ મૂકવો જોઈએ અથવા નિદ્રાની ઉપર વિજય મેળવવો જોઈએ. અને શક્ય એટલા સઘળા સમયનો સદુપયોગ સાધનાત્મક અભ્યાસના અનુષ્ઠાન માટે કરવો જોઈએ.

"તો પછી તમને ઊંઘ નથી આવતી ? અને ઊંઘ ના આવે તો સુસ્તી નથી લાગતી ? અમે તો એકાદ દિવસ બરાબર ના ઊંઘીએ તો માથું ભારે થઈ જાય."

મેં કહ્યું : "તમારી ને મારી વાત જુદી છે. તમે આવશ્યકતાનુસાર નિદ્રા જરૂર લો. મને તો એવી ટેવ પડી હોવાથી સારું લાગે છે. વળી, ધ્યાનની શાંત, અતિશાંત–અંતરંગ અલૌકિક અવસ્થામાં આવશ્યક આરામ મળી રહે છે. એટલે સુસ્તીનો કે માથું દુખવાનો કોઈ સવાલ જ નથી રહેતો."

મારા સ્પષ્ટાકરણને એ સારી પેઠે સંતોષકારક રીતે સમજી

ગયાં. એટલે એમણે કોઈ પ્રતિદલીલ ના કરી. એ શાંત જ રહ્યાં.

મેં વધારે સ્પષ્ટતા કરતાં કહ્યું, "ગુજરાતમાંથી આપણે આટલે બધે દૂર, હિમાલયના પુણ્યપ્રદેશમાં આવ્યા છીએ તે આહાર વિહાર પર સંયમ સાધીને બનતો આત્મવિકાસ કરવા માટે જ આવ્યા છીએ. ઉંમર, ઉત્સાહ, જ્ઞાન, વાયુમંડળ, સંજોગો બધુ જ સાધનાના અનુષ્ઠાન માટે અનુકૂળ છે. માટે પ્રમાદને પરિત્યાગીને સાધનાના પવિત્ર પંથે પ્રયાણ કરવું જોઇએ."

એમને પ્રસન્નતા થઇ. એ પછી એમણે એવી પૃચ્છા ના કરી. એમને એ વાર્તાલાપ પરથી પ્રેરણા મળી અને વખતના વીતવા સાથે એ પણ રોજ પ્રભાતે વહેલાં ઉઠતાં ને ગીતાપાઠ તથા નામ–જપ કરતાં થયાં. એમને ખરેખર થયું કે એકાંત વાસનો સમ્યક્ સદુપયોગ કરીને જીવનનો બને તેટલો આધ્યાત્મિક વિકાસ સાધવો જોઇએ.

એમનો એ નિરધાર છેવટ સુધી કાયમ રહેલો અને અધિકતર સફળ થયેલો.

## કર્તવ્યની ભાવના (૪)

આત્મિક અભ્યુત્થાનના મંગલમય માર્ગે આગળ વધનારા સર્વસંગ પરિત્યાગી વિવિક્તાવાસી આત્માઓના સંબધમાં વધારે ભાગે એવું જાણવા મળે છે કે એ પોતાની વ્યક્તિગત સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, અને સમુન્નતિમાં જેટલો રસ રાખે છે તેટલો એમના સ્વજનોની કે કુટુંબીઓની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિમાં નથી રાખતા. એવા રસને કેટલીકવાર માયા, અંતરાય, વિક્ષેપ અથવા ભ્રમણામાં પણ ખપાવે છે. માતાજીના સંબંધમાં પરિસ્થિતિ એથી ઉલટી હતી. એમનું વ્યક્તિત્વ અથવા મનનું બંધારણ જ એવા પ્રકારનું ઘડાયેલું



કે પોતાની સમુન્નતિ અને સુખશાંતિની સાથે સાથે એ કુટુંબીજનોની સુખશાંતિ તથા સમુન્નતિનો ખ્યાલ રાખતાં અને એને માટે પ્રયત્નો પણ કરતાં રહેતાં એમના સાંસારિક કહેવાતા પ્રસંગોએ પણ એ ઉપસ્થિત રહીને મદદરૂપ થવાનો પ્રયત્ન કરતાં.

હિમાલયમાં મારી સાથે રહેવાં આવ્યાં તે પછી અમે ઋષિકેશમાં વસતાં હતાં, ત્યારે એકવાર અમદાવાદથી તારાબેનનો કાગળ આવ્યો. બેનને નજદીકના ભવિષ્યમાં આવનારી સુવાવડ વિશે લખવામાં આવેલું. અને જણાવેલું કે કોઇજ કરનારું નથી, તમારા સિવાય બીજા કોને લખું ? તમે આ અવસર પર મારી પાસે હો તો મને કશી ચિંતા ના રહે.

માતાજીની કર્તવ્યભાવના એ પત્ર ને વાંચીને જાગી, સળવળી ને પોકારી ઉઠી. એમને થયું કે બેનની મદદે જવું જોઈએ.

પરંતુ બીજી તરફ મારો પ્રશ્ન પણ વિચારવાનો હતો. થોડાજ વખતમાં નવરાત્રીના પર્વ દિવસોનો પ્રારંભ થવાનો હતો. એ દિવસો દરમિયાન મારો વિચાર પાણી પર ઉપવાસ કરવાનો હતો. એવે વખતે એમનું મારી પાસે રહેવાનું આવશ્યક હતું. મને છોડીને જવાનું એમને ઉચિત નહોતું લાગતું. એ કોઈ સમુચિત નિર્ણય પર નહોતાં પહોંચી શકતાં.

મને એમના મનોમંથનની વાત કરી તો મેં એમને જણાવ્યું કે બેનની સેવા માટે અમદાવાદ જવાનો વિચાર સારો છે. માટે જરૂર જાવ. મારે ઉપવાસ કરવાના છે એ સાચુ; એવે વખતે તમે હો તો સારું એ પણ સાચું; મને તમારી ઉપસ્થિતિથી મોટી મહા મુલ્યવાન મદદ મળે એ પણ સાચું; છતાં પણ બેનની આવશ્યકતા મારા કરતાં

અધિક છે. મારે તમારા વિના ચાલી શકશે. એને નહીં ચાલે, એની સેવાનું પણ આપણુ કર્તવ્ય છે.

આખરે એમણે નિર્ણય કર્યો.

એ અમદાવાદ માટે વિદાય થયાં. દેવપ્રયાગના એક ભાઇને મેં એમની સાથે દિલ્હીસુધી મોકલ્યા.

ત્રણચાર દિવસમાંજ નવરાત્રીનો આરંભ થયો. મારા પાણી પરના ઉપવાસ શરૂ થયા. એ વરસે વધારેમાં વધારે ૧૦૧ દિવસના ઉપવાસ ચાલ્યા. અગિયાર દિવસ પાણીપર અને શેષ સઘળા પાશેર જેટલા દૂધપર. એ સુદીર્ઘ ઉપવાસના દિવસો દરમિયાન મારે દાદેશદ્ધન પાસેના કોલાગઠ ગામમાં, મહેસાણા ને મહુવામાં, રહેવાનું થયું. માતાજી બેનની સુવાવડનું કાર્ય સફળતા પૂર્વક પતાવીને લગભગ ત્રણ મહિના પછી મહેસાણા આવી પહોંચ્યાં. એમના મુખ પર કર્તવ્ય પાલનનો સંતોષ છવાયેલો.

મણિનગરમાં બેનનું મકાન પ્રમાણમાં નાનું હોવા છતાં ત્યાં ઉતરવાનો ને રહેવાનો માતાજીનો આગ્રહ રહેતો. એમને લાગતું કે બેનને ને એમના પરિવારને અમારા સહનિવાસથી સંસ્કારો સાંપડે, સત્સંગ મળે, ને બીજીરીતે મદદ થાય. નાના મકાનમાં ઉતરવાની અગવડને એ અગત્ય આપતાં નહીં. મારો પણ એમને સહયોગ રહેતો.

એવો હતો એમનો કુટુંબ પ્રેમ. એવી અસાધારણ હતી એમની કર્તવ્ય ભાવના.

## શ્રદ્ધા (૫)

માતાજી જેમ જેમ મારી સાથે રહેતાં ગયાં તેમ તેમ એમનો પ્રાણ પ્રસન્નતાથી પુલકિત બનતો ગયો. એમના



જીવનના પૂર્વના પુણ્યોદયથી સાંપડતાં વિરલ અવસરથી એ સંપૂર્ણપણે સભાન હતાં. એ સભાનવૃત્તિને લીધે એમનો અંતરાત્મા એક પ્રકારની ઊંડી શાંતિનો અનુભવ કરતો.

એમની શ્રદ્ધા પણ દિનપ્રતિદિન પાંગરતી અને બળવાન બનતી ગઈ. મારી કોઈપણ વાતમાં એમને શંકા ના થતી, અને હું જે પણ કહું એને અનુસરવાનો એ નિખાલસ રીતે પ્રયત્ન કરતાં. એમને વિશ્વાસ હતો કે હું જે કાંઇ કહું છું કે કરું છું તે કલ્યાણકારક જ હોય છે. એ પરમાત્મા પ્રેરિત હોવાથી કદીપણ હાનિકારક નથી હોતું. સદા શ્રેયસ્કર જ હોય છે.

એ શ્રદ્ધાનું દર્શન એમના જીવનમાં ડગલે ને પગલે થયા કરતું.

મારે પાણી પરના ઉપવાસ કરવાના હોય ને હું કહું કે જગદંબાની પ્રેરણા હોવાથી કરવા પડશે એટલે એ સમજી જતાં ને કોઇપણ પ્રકારનો વિરોધ ના કરતાં એ પોતે મારી સુચનાનુસાર, ઉપવાસના સઘળા દિવસો દરમિયાન રોજ બંને વાર એમને માટે ભોજન બનાવતા. ઉપવાસ ગમે તેટલા લાંબા ચાલે તો પણ એમાંથી મને ચલાયમાન કરવાના પ્રયત્નો ના કરતાં, ઉલટું મારો મનોરથ પરિપૂર્ણ થાય અને ઉપવાસનો સુખદ સ્વેચ્છાપૂર્વક અંત આવે એ માટે ધીરજપૂર્વક પ્રાથના કરતાં.

ઈ. સ. ૧૯૬૪-૬૫ દરમિયાન અમદાવાદમાં તારાબેનની તબિયત ખૂબ જ કથળેલી. મગજ પર એવી અસર થઇ ગયેલી કે થોડા થોડા વખતે બહાર જવાનું ને ડોકટરોને મળવાનું મન થતું. ચિત્ત ભ્રમ જેવું થઇ ગયેલું. ડોકટરની દવા કામમાં નહોતી આવતી. અમે મસૂરીનગરમાં હતાં ત્યારે માતાજી

બેનની સ્વાભાવિક રીતે જ ચિંતા કરતાં. એકવાર એમણે બેનની સારવાર માટે અમદાવાદ જવાનો સંકલ્પ કર્યો. મારી રજા માગી. મેં કહ્યું કે જવું હોય તો જઈ આવો. અહીં તમારી એટલી આવશ્યકતા નથી.

માતાજીએ અમદાવાદ જવાની તૈયારી કરી. એમને દહેરાદૂન સુધી મૂકવા તથા ટ્રેનમાં બેસાડવાની પણ વ્યવસ્થા કરી.

જે દિવસે એમને નીકળવાનું હતું. તે દિવસે વહેલી સવારે એ સ્નાનાદિથી નિવૃત્ત થયાં એટલે મેં જણાવ્યું. હમણાં જ મેં પરમાત્માનો સંપર્ક સાધ્યો તો જણાયું કે તમારે અત્યારે અમદાવાદ જવાની આવશ્યકતા નથી. આગળ પર આપણે બંને સાથે જઈશું. બેનની તબિયત એટલી બધી ચિંતાજનક નથી.

એમણે જવાનો વિચાર તરત જ માંડી વાળ્યો ને કહ્યું : તો પછી મારે નથી જવું. ઈશ્વરની ઈચ્છા હોય તો જ જવું છે. ઈશ્વરની ઈચ્છા નથી તો એમાં પણ કાંઈ ને કાંઈ મંગલ જ હશે. મને એમની મંગલમયતામાં અને તમારા શબ્દોમાં શ્રદ્ધા છે.

કેટલી બધી શ્રદ્ધા, સરળતા સહજતા !

અમદાવાદથી સમાચાર આવ્યા કે પરિસ્થિતિ એટલી બધી ગંભીર અથવા નાજુક નથી. હમણાં નહીં અવાય તો ચાલશે.

એ પછી બીજે મહિને અમે બંને એક અન્ય કાર્ય પ્રસંગે અમદાવાદ ગયાં અને ત્યાં થોડા દિવસો રહીને મસૂરી પાછા ફર્યાં.

માતાજીને સંતોષ થયો.



એવી હતી એમની શ્રદ્ધા. અણિશુદ્ધ, અચળ, અસાધારણ એ શ્રદ્ધાને લીધે એ અસીમ આત્મશક્તિથી અલંકૃત બની શકેલાં.

## અલૌકિક અધ્યાત્મભાવના (૬)

માતાજી અઢી વરસ જેટલા સુદીર્ઘ સમયના વિયોગ પછી અમે ગોઠવેલા કાર્યક્રમને અનુસરીને હિમાલયનાં ચાર સુપ્રસિદ્ધ ધામો બદરીકેદાર, ગંગોત્રી, યમનોત્રીની યાત્રા કરવા માટે આવી પહોંચ્યાં ત્યારે અમારા બંનેનો મેળાપ ઉત્તરાખંડના ઉત્તરકાશી નામે શાંત એકાંત સુંદર સ્થળમાં થયો. ઉત્તરકાશીની બિરલા ધર્મશાળામાં ચંપકભાઈ સાથે અમે દોઢેક કલાક વાતચીત કરી. બિરલા ધર્મશાળામાં એ વખતે ભારતના ઈશ્વરદર્શી સુપ્રસિદ્ધ સંત શ્રી નારાયણ સ્વામી ઉતરેલા. એ આગળ યાત્રા કરીને ગંગોત્રી જવાના હતા. એ મહાપુરુષ કેવળ કૌપીન પહેરતા. ગુજરાતમાં નર્મદાતટપરના ચાંદોદ-કરનાળી ક્ષેત્રમાં બારેક વરસ સુધી મૌનવ્રતપૂર્વક એકાંતવાસ કરીને અવિરત ભગવદ્ભજન કરવાથી એમને ભગવાન નારાયણનો સાક્ષાત્કાર થયેલો.

એમના સત્સંગસમાગમનો સુર દુર્લભ સુખદ લાભ લઈને હું માતાજી સાથે ઉત્તરકાશી ગામની એક તરફ આવેલી ઉજેલી વિસ્તારમાંની મારી કુટિર તરફ ચાલ્યો.

માતાજીને મને મળીને સંતોષ, શાંતિ તથા પ્રસન્નતા થાય એ સ્વાભાવિક હતું. એમના મુખમંડળ પરથી એ સ્પષ્ટ દેખાતું.

એમને માટે એ વાત નવી હતી. છતાંપણ એમની વિશિષ્ટ પ્રકારની આધ્યાત્મિક ભૂમિકાને લીધે એ વાતને એ સહેલાઈ-

થી સુચારુ રૂપે સમજી શકયાં. એ ભાવનામાં સ્થિતિ કરવાનું સહેલું નહોતું. તો પણ વરસોના અભ્યાસ પછી એમાં એ સ્થિતિ કરી શકયાં. ઉત્તરકાશીના મેળાપ પછી એ મને મહાત્માજી કહીને જ બોલાવતાં. પત્રોમાં પણ એવી રીતે સંબોધન લખતાં. ઘેરથી નીકળતી વખતે કપાળે તિલક કરી પુષ્પમાળા પહેરાવતાં અને આંખમાં અશ્રુસાથે રસ્તા પર લાંબા અંતર સુધી ચાલતાં વિદાય આપતાં.

કુટિરમાં પ્રવેશીને બીજી કેટલીક આનુષંગિક વાતચીત કર્યા પછી મેં માતાજીને કહ્યું કે તમે તમારી જાતને માતા તરીકે ને મને પુત્ર તરીકે માનશો તો તમારી વૃત્તિ તથા દૃષ્ટિ સીમિત અને સાંસારિક રહેશે એટલે તમને જેવો ને જેટલો આધ્યાત્મિક લાભ થવો જોઇએ. તેવો ને તેટલો આધ્યાત્મિક લાભ નહીં થાય. તમારી મનોવૃત્તિ તથા દૃષ્ટિને ઉદાર, ઉદાત્ત ને વિશાળ રાખશો ને મને પરમાત્માના પ્યારા ભક્ત કે સંત તરીકે માનશો તો તમને વિશેષ લાભ પહોંચશે. એને માટે હૃદયને થોડુંક ઉદાત્ત બનાવવું પડશે ખરું, પરંતુ પરિણામે એવી દૃષ્ટિ શ્રેયસ્કર થઈ પડશે.

પાછળથી મારી સાથે વસતાં થયાં ત્યારે પણ મારા પ્રત્યેક જન્મ દિવસે ને નૂતન વરસે વહેલી સવારે મારું ચંદન પુષ્પાદિથી પૂજન કરીને આશીર્વાદ માગતાં ને સદ્ભાવના વ્યકત કરતાં. દેશમાં કે પરદેશમાં સર્વત્ર એમનો વ્યવહાર એવો જ ઉદાત્ત રહેતો. અન્યને પ્રસંગોપાત એ કેટલીકવાર કહેતાં કે આપણે તો એમને જન્માવવામાં નિમિત્ત બન્યાં છીએ એટલું જ. એ કાંઇ આપણા નથી પરંતુ સર્વના છે. સર્વને માટે છે. સૌનું કલ્યાણ કરવા માટે પધાર્યા છે. આપણે



માતા થયાં અને એમને સમજી શકયાં એ આપણું સદ્ભાગ્ય. આ સોનેરી અવસરનો લહાવો લઇને બડભાગી બનીએ.

કેવી ઉત્તમ અલૌકિક અધ્યાત્મભાવના ? એક માતાને માટે એવી સદ્ભાવનાનું સેવન સહેલું નહોતું. એમના જીવન દ્વારા એમણે એ સિદ્ધ કરી બતાવ્યું. એમનું શરીરધારણ સાર્થક થયું.

એટલા માટે જ એવી અલૌકિક આત્મભાવનાને લીધે જ એમણે એમના જીવનના અંતિમ દિવસોમાં પણ અનેકને અનેકવાર કહેલું કે મને જીવનનો મોહ નથી. મૃત્યુનો ભય કે શોક નથી. મહાત્માજીની પાસે છું એટલે હું ઠેકાણે છું. મને નિરાંત છે. સાક્ષાત ભગવાન મારી સેવા કરે છે. એ તો મારા કપિલ ભગવાન છે. મારું શરીર છુટી જશે તો પણ મને તેનું દુઃખ નથી. શાંતિ છે. એક દિવસ તો સૌએ જવાનું જ છે. પરંતુ મહાત્માજી મારી પાસે છે. એટલે મને સંપૂર્ણ શાંતિ છે. મારી સદ્ગતિ થઈ ગઈ છે. મારું જીવન ધન્ય બની ગયું.

ધન્યતાની એવી જ આત્મસંતોષજનક સતત સ્વાનુભૂતિ સાથે એમણે પોતાના પાર્થિવ શરીરને સંપૂર્ણ શાંતિપૂર્વક પરિત્યાગ્યું.

THE NEW VINOD SILK MILLS PVT. LTD.

Most Trusted Name For Processing of Polyester, Acrylic Polyester/Viscose Suitings and Shirtings and Top Dyed Suitings and All Varieties of Synthetic Fabrics.

Phones : 422 00 68, 422 00 66, 422 00 64

Kasturchand Mills Estate, Dadar
BOMBAY 400028



# પાલનપુરનો પ્રવચનપ્રવાસ

શ્રી સર્વેશ્વરી

પાલનપુરનો પુણ્ય પ્રવાસ.

તા. ૬ ઠ્ઠીએ અમદાવાદથી શરૂ થયો. ત્રણ કલાકની યાત્રા રાત્રે આઠ વાગ્યે પૂર્ણ થઈ.

વીજળી રીસાઇ ગઈ હતી. પેટ્રોમેક્ષના પ્રકાશમાં પૂ. શ્રીનું સ્વાગત થયું. ૫૦-૬૦ ભાઇબહેનો જય જય યોગેશ્વર જય જય સર્વેશ્વરીની ધૂન ગાતા સંભળાયા. વંદનાનું ભજન પણ ગવાયું. ફૂલહારોથી સૌએ અભિવાદન કર્યું.

એક જ વ્યક્તિનો સંકલ્પ. એમાં સૌની સદ્દભાવના ભળી. શ્રી વિજયભાઇ પુરોહિત. સમાજ જેને નામાંકિત ગણે તેવો નહીં, પ્રભુપંથનો પ્રામાણિક પથિક. પૂ. શ્રી યોગેશ્વરજીનો શ્રદ્ધાળુ ઉપાસક. એક જ ઇચ્છા એના હૈયે ત્રણેક વરસથી વસી. પૂ. શ્રી યોગેશ્વરજીના દર્શન મારા પરિવારને કરાવું અને પાલનપુરની જનતાને એમના સત્સંગનો લાભ આપું. એ ઇચ્છાને સાકાર કરવા એમણે સવા લાખ મંત્ર-જપ પણ કર્યા. અને આખરે પ્રભુકૃપાથી તે સંકલ્પ ને પુરુષાર્થ સફળ થયો.

પ્રથમવાર પૂ. શ્રીનો સત્સંગ ગોઠવવાનું જવાબદારી ભર્યું કામ પણ પ્રભુકૃપાએ થયું. એકલે હાથે એ કામ ઉપાડયું. પાલનપુરના પ્રતિષ્ઠિત વર્ગથી પણ અપરિચિત એવા શ્રી વિજયભાઇને પોતાના પરિવારનો સંપૂર્ણ સહયોગ મળ્યો. શ્રી રેવાશંકરભાઇ શ્રી હંસરાજભાઇ અને એવા તો અનેક સ્વજન ને સંબંધીઓએ સહકાર આપ્યો. ડેપ્યુટી એન્જીનીયર

શ્રી અરવિંદભાઇ પણ એમની મદદમાં હાજર રહ્યા.

સૌના સહકારથી પૂ. શ્રીના આગમનને જનતાએ આવકાર્યું.

તા. ૯ મીથી ગીતાના ભકિતયોગ ઉપર પ્રવચનો શરૂ થયા. પાલનપુરના પ્રસિદ્ધ લક્ષ્મણ ટેકરીના હોલમાં. સાત દિવસના પ્રવચનો ને અંતે જનતાની લાગણી ને માન આપી બીજા ત્રણ દિવસ પ્રવચનો લંબાવ્યા.

રામાયણ કથા, ભાગવત કથા, ભજન કીર્તનના કાર્યક્રમમાં તો જનતા આવે જ. પણ આવા ગંભીરજ્ઞાનયુક્ત ગીતાના પ્રવચનોમાં આટલી મોટી સંખ્યામાં જનતા આવે એ પાલનપુર માટે પ્રથમ પ્રસંગ છે. આ ઉદ્દગારો બત્રીસવર્ષથી અહીં વસેલા પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી ઈશ્વરભાઇ શાહના હતા.

સાચે જ જનતાએ લગભગ ચારપાંચ હજારની સંખ્યામાં દરરોજ નિયમિતરીતે આવીને પૂ. શ્રીના ગહનગંભીર છતાં સરળ અને અસ્ખલિત જ્ઞાનપ્રવાહને ઝીલ્યો.

તેર દિવસના નિવાસ દરમ્યાન કોલેજો અને હાઈસ્કૂલોમાં પૂ. શ્રી ના પ્રવચનો ગોઠવાય એવી માગણી થઇ. પરિણામે સમયના અભાવે બનાસકાંઠા આર્ટસ–સાયન્સ કોલેજમાં એક પ્રવચન અને નૂતન હાઈસ્કૂલમાં એક પ્રવચન થયું.

પાલનપૂરથી નજીક બાલારામ મહાદેવના પવિત્ર સ્થાનની પણ મુલાકાત લેવાનું બન્યું.

દરરોજ બપોરે ૧૨ા થી ૧ાા ની મુલાકાતની બેઠકમાં પણ સો–દોઢસો ભાઇબહેનો આવતા. વિવિધ આધ્યાત્મિક પ્રશ્નોત્તરી થતી.

પૂ. શ્રીનો ઉતારો પાલનપૂરના પ્રતિષ્ઠિત સેવાભાવી, સમાજસેવક શ્રી ઈશ્વરભાઇ શાહના સ્વતંત્ર નવા મકાનમાં



હતો. એ સ્થાન શહેરની મધ્યમાં હતું જેથી જનતાએ સારો લાભ લીધો.

દશ પ્રવચનમાં પૂ. શ્રી એ ધ્યાનનો કાર્યક્રમ પણ આપ્યો. ધ્યાનવર્ગ જે અહીં ચાલે જ છે તેના સમુહવર્ગ પણ પાંચ દિવસ ચાલ્યો. જનતાએ કોઈપણ જાતના ભેદભાવ વિના લાભ લીધો. અંતે આભાર વિધિમાં જે ઉદ્દગારો સાંભળવા મળ્યા તે સાચે જ જનતાની ધર્મભાવના ને શ્રદ્ધાભક્તિ ને સાચી સમજના પ્રતિક હતાં.

"મન કર્મ અને વચનથી એક એવા પૂ. શ્રી યોગેશ્વરજીએ આપણને સરળ ને સચોટ ભાષામાં ગીતાના ભક્તિયોગને નવા જ દૃષ્ટિકોણથી સમજાવ્યો. આવી ઉચ્ચકોટિની અનુભવવાણી પ્રથમવાર જ સાંભળવા મળી. દર વરસે તેઓ પાલનપુરની જનતાને લાભ આપે એવી પ્રાર્થના છે.

—શ્રી ઈશ્વરભાઇ શાહ
એડવોકેટ

"મેં કિશોરલાલ મશરૂવાળા, વિનોબાજી, ગાંધીજીની ગીતાનો અભ્યાસ કર્યો છે પણ પૂ. યોગેશ્વરજીએ જે અહીં ગીતા ઉપર પ્રકાશ પાડ્યો તે સૌથી અલગ અને સમજાય એવો શ્રેષ્ઠ છે. રામાયણ, ઉપનિષદ્, ભાગવત દરેક શાસ્ત્રોના સારરૂપે આ પ્રવચનો હતાં. મેં ઘણાં વરસો ઉપર મુંબઇ ભારતીય વિદ્યાભવનમાં એમના પ્રવચનો સાંભળ્યાં ત્યારે જ મને થયેલું કે આ કોઈ સિદ્ધપુરુષ છે.

—શ્રી કાન્તિલાલ મહેતા
જૈન ધર્મસમાજના આગેવાન

જીવનના ઘર્ષણોમાંથી કષાયોથી, રાગદ્વેષ, મોહથી કઇ રીતે મુક્ત થવાય તે માટેનો સુંદર બોધપાઠ પૂ. શ્રી યોગેશ્વરજી મહારાજ સાહેબે આપ્યો. કોઇપણ જાતના સંપ્રદાય

કે મત કે ધર્મથી પર રહીને આત્મતત્ત્વ ઉપર જ એઓશ્રી-એ દશ દિવસ આપણને જ્ઞાન આપ્યું એ જ્ઞાન એમને ભવોભવથી મળ્યું છે. એ જ્ઞાનની સરળ રીતે સમજ આપણને આપી તે બધા જ દર્શનશાસ્ત્રના સારરૂપે હતી.

—શ્રી ધોળાભાઇ મહેતા
જૈન ધર્મસમાજના આગેવાન

દશ દિવસથી આપણે પૂ. શ્રી યોગેશ્વરજીને સાંભળ્યા. એક પ્રોફેસરના રૂપમાં રહીને આપણને કન્ડેસ્ડ કોર્સ આપ્યો છે. તે માટે આપણે તેમના ઋણી છીએ આભાર શબ્દ નાનો પડે છે. ચરણોમાં વંદન જ કરીએ.

પાલનપુરની જનતાએ પૂ. શ્રી યોગેશ્વરજીને સંતોષ થાય તેટલી મોટી સંખ્યામાં લાભ લીધો. આ હોલમાં ગીતા ઉપર, રામાયણ ઉપર પ્રવચનો થયા છે. પણ ત્યારે માંડ ૫૦ કે ૧૦૦ કે ૧૫૦ માણસોએ લાભ લીધો હતો.

પાલનપુરમાં આ પ્રથમવાર હું જોઉં છું કે હોલમાં, મેદાનમાં ને રસ્તાઉપર પણ જનતા આવા ગંભીર પ્રવચનને સાંભળવા કીડીની જેમ ઉભરાઈ. એની પાછળ પૂ. શ્રી યોગે-શ્વરજીની વાણીનું આકર્ષણ છે. બાળકોથી માંડી સૌ કોઇએ ખૂબખૂબ શાંતિપૂર્વક દશ દિવસ સુધી શ્રવણ કર્યું એ પ્રથમ-વાર જોયું.

આ વખતે જ તેઓ હજી પંદર દિવસ અમને લાભ આપે એવી મારી ઇચ્છા હતી. પણ તે અશક્ય છે. ફરીફરી તેઓ અહીં આવે અને જનતાને લાભ આપે એવી વિનતિ હું હિન્દુસમાજ અને આપ સૌ વતી કરું છું.

—શ્રી મનસુખલાલ જોશી
શ્રી હિન્દુસમાજના અગ્રણી



પાલનપુરની જનતા પૂ. શ્રી યોગેશ્વરજીના સાહિત્યનો અહીંના પુસ્તકાલયમાંથી લાભ લે. એમનું સાહિત્ય શ્રેષ્ઠ છે. શિવમહિમ્ન સ્તોત્રનો એમનો સમશ્લોકી અનુવાદ સંસ્કૃત સાહિત્યમાં રત્ન સમાન છે. બીજા પણ સ્તોત્રોનો તેઓ અનુવાદ કરે એવી પ્રાર્થના કરું છું.

આવા મહાપુરુષ આપણે ત્યાં આવ્યા અને ગીતા ઉપર સુંદર સમજ આપી એ માટે આપણે સૌ ખૂબખૂબ ભાગ્ય-શાળી છીએ.

—શ્રી વિશ્વનાથ હાથી
જાણીતા આગેવાન

પાલનપુરના પ્રવચનના સમગ્ર કાર્યક્રમમાં અમદાવાદના શ્રીબાબુભાઇ વોરાએ પણ પોતાનો સંપૂર્ણ સહકાર ત્યાં રહીને આપ્યો. પ્રથમવાર કાર્યક્રમનું આયોજન હતું જેથી તેની સમજ તેમણે સ્વજન તરીકે પૂરી પાડી. સૂરતથી શ્રી ગોરધનભાઈ પણ રજા લઇને સત્સંગનો લાભ લેવા આવ્યા. તેમણે પુસ્તક વેચાણનું કાર્ય ખૂબ પ્રેમપૂર્વક ઉપાડી લીધું. શ્રી વિજયભાઇને પ્રભુકૃપાથી સૌની મદદ મળી રહી.

પાલનપુરમાં બહારગામથી પૂ. શ્રીના સત્સંગનો લાભ લેવા આવનાર ભાઈ-બેનો માટે અલગ ઉતારા ને ભોજનની સુંદર સગવડ આયોજકોએ કરી હતી એ એક વિશેષતા હતી.

પાલનપુરના પ્રથમ પ્રવચન પ્રવાસની પવિત્ર ને પ્રેરક સ્મૃતિ લઇને ત્યાંથી વિદાય થયા ત્યારે શ્રી રેવાશંકરભાઈ પુરોહિત અને ભાવિક ભક્તમંડળે પૂ. શ્રીનું ચરણ પ્રક્ષાલન કરી પૂજા કરવાની વિનતિ કરી પણ પૂ. શ્રીએ એ માટે ના પાડી. ફૂલહાર અને આરતી થઈ અને જયજય શ્રી યોગેશ્વર જયજય શ્રી સર્વેશ્વરીની ધૂન સાથે સૌએ વિદાય આપી.

# समत्वम् योग उच्यते ।

ડૉ. અશ્વિનભાઇ ડી. પટેલ

જેનાથી કોઈને ઉદ્વેગ થતો નથી, અને જે પોતે બીજાથી ઉદ્વેગ (દુઃખ) પામતો નથી, જે હર્ષ, અમર્ષ (બીજાનું સુખ જોઇ થતો ખેદ), ભય કે સંકોચ, ઉદ્વેગ પામતો નથી તે માણસ (શ્રીકૃષ્ણ કહે છે) મને પ્રિય છે. એટલે કે સમત્વથી વર્તનાર, સર્વપર સમદૃષ્ટિ રાખનાર, સર્વાત્મભાવથી જીવનાર, બ્રહ્મભાવથી ચોમેર નિરખનાર ભગવાનને પ્રિય થઇ રહે છે, તે જ ભગવાનની સાથે જોડાઈ શકે છે, ભગવાનથી યોગ સાધી શકે છે. જે માણસ દ્વન્દ્વાતીત (દ્વન્દ્વોથી પર) બની શકતો નથી, સુખદુઃખાદિ દ્વન્દ્વોથી અસ્પર્શ્ય રહી શકતો નથી તે આ સંસારમાં ભોગી ગણાય છે; અને જે એનાથી ઉપર ઊઠી શકે છે તે સંસારમાં રહ્યા છતાં પણ ત્યાગી, યોગી, સંન્યાસી બની શકે છે. એ જ ભગવાનની પરા ભક્તિ મીરાંબાઇની જેમ પામે છે. એ અર્થનું ભગવાને જ વળી બીજે સ્થાને કહ્યું છે:

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।। गीता १८/५८

જે સર્વપ્રાણીઓમાં (જીવો ઉપર) સમભાવ રાખે છે, તે બ્રહ્મભૂત એટલે કે સર્વમાં બ્રહ્મભાવ રાખવાવાળો, સર્વમાં બ્રહ્મત્વને દેખવાવાળો હોઇ પ્રસન્નચિત્ત રહે છે; એને નથી કશાનો શોક થતો, નથી કશાથી ઉદ્વેગ થતો. એ કંઇનિકૃષ્ટ (હલકી કોટિની એટલે કે બીજાને નુકસાન થાય તેવી) ઇચ્છા અપેક્ષા રાખતો નથી. એવો મારી પરાભકિતનો પામે છે. ભગવાન શ્રીકૃષ્ણ આવાને જ વળી 'યોગારૂઢ' કહે છે :



"यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ।। गीता ६/४

જ્યારે કોઈ મનુષ્ય ઇન્દ્રિયોના વિષયો અને એના પરિણામસ્વરૂપ કર્મોમાં આસક્ત થયા વગર સર્વસંકલ્પો એટલે કે સર્વ અભિલાષાઓ, ઇચ્છાઓને ત્યાગીને કર્મો કરે છે ત્યારે તે 'યોગારૂઢ' એટલે કે સાચા યોગમાર્ગે વળેલો યોગી કહેવાય છે. તે જ કૂટસ્થ (નિર્વિકાર, સ્થિતપ્રજ્ઞ) યોગી છે.

તો પછી યોગી બનવા પહેલાંની આવશ્યકતા કઈ? કોણ યોગ સાધી શકે? સંસારમાં રહેનાર કંઇ બધા ઓછા યોગી બની રહે છે? તો યોગત્વને પામવાની પ્રાથમિક જરૂરિયાત કઇ? આપણામાં તો કેટલા બધા રાગદ્વેષાદિ દ્વંદ્વો છે? દુર્વૃત્તિઓ છે? દુર્ગુણો છે? દુવિચારો છે? વિકારો છે? વાસનાઓ છે? આ બધાથી રહેસાતાં મનચિત્ત શી રીતે સ્થિર થઈ શકે? અને સ્થિરતા વગર યોગસાધન, યોગસાધના કે યોગસિદ્ધિ કેમ થઈ શકે? અહીં ગુરુની કે ભગવત્કૃપાની જરૂર પડે છે. ભગવાન તેનો યે ઉપાય એક શ્લોકમાં બતાવે છે :

"यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मनं पश्यन्नात्मनि तुष्यति ।। गीता ६/२०

જ્યાં સાવધાનીપૂર્વક નિરોધાયેલું ચિત્ત યોગના સેવનથી ઉપરામ (શાન્તિ) પામે છે, અને તથા આત્માવડે (પોતાનાથી) આત્માને (પોતાને) જોતો (જોઈ શકતો) સાધક યોગીની જેમ અનુભવ કરી શકે છે ત્યાં તે આત્મામાં (એટલે કે આત્મસરખા સહુમાં અને એ દ્વારા પરમાત્મામાં) સંતોષ પામે છે. તેવો તે પોતાના મનને શી રીતે વશ કરી શકે તે સમજવા એજ અધ્યાય છઠ્ઠાનો ર૬મો શ્લોક પણ એના અનુસંધાનમાં આપણે વાંચવો પડશે. એમાં ભગવાન આદેશ કરે છે.

"यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम्।

ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥–गीता ६/२६

એટલે કે ચંચલ અસ્થિરમન જ્યાં જ્યાં ભાગે–ભમે ત્યાં ત્યાંથી તેને નિયમમાં આણીને સાધક (યોગી) પોતાના આત્મામાં જ એને વશ કરે. આ બે શ્લોકો જાણે કે પતંજલિ મુનિએ આપેલ યોગની વ્યાખ્યાના મૂળમાં રહેલા છે એવું આપણને લાગ્યા વગર રહેશે નહિ. પતંજલિની પેલી પ્રખ્યાત વ્યાખ્યાથી તો સર્વસાધક વિહિત હશે જ.

"चित्तवृत्तिनिरोधः योगः ।"

ચિત્તવૃત્તિનો નિરોધ તેનું જ નામ યોગ. હવે પ્રશ્ન થાય કે ચિત્તવૃત્તિનો નિરોધ કેમ કરીને કરવો ? ભગવાને ઉપર તે બતાવ્યું તો છે જ. છતાં સ્પષ્ટતા ખાતર લંબાણ દોષ વહોરીને પણ કહેવું રહ્યું કે આપણે ઇન્દ્રિયોને પ્રયત્નપૂર્વક એના વિષયોમાંથી પાછી વાળીએ. ચિત્તને એની અનેક વૃત્તિઓમાંથી સાવધાનીપૂર્વક નિરોધીએ અને મનના ઘોડાને વિવેકપૂર્વક એના ઉધામા, એના ધમપછાડામાં એના તરંગોમાં જતું લગામીએ. આ કરવા માટે જે કરીએ એતું નામ જ યોગસાધના. આવો યોગ મારું–તારું વિગેરે દ્વન્દ્વોમાં ફસાયેલ પ્રાકૃત માણસ ન કરી શકે. જેણે અહમ્‌ને માર્યો નથી, એટલે કે જેનામાં આત્મવત્ સર્વભુતેષુ એવી ભાવના, એવો સર્વાત્મભાવ જાગ્યો નથી તેના રાગદ્વેષાદિ મટવાના નથી, તેનામાં રહેલી ભેદવૃત્તિ–દ્વૈતભાવ–જવાની નથી. ત્યાં સુધી એના મનના તરંગો ને ચિત્તની વૃત્તિઓ વગેરે શમવાનાં નથી. ત્યાં સુધી યોગનું સાધન પણ નહિ થઇ શકે. યોગમાં અંતે તો ભગવાન સાથે ચિત્ત જોડી તાદાત્મ્ય જ સાધવાનું છે, ભગવિશે એક ધ્યાન થવાનું છે. એ માટે કેટલાંક ગુરુકૃપાને, ગુરુના સ્પર્શને, ગુરુ વડે કરાતાં શક્તિપાતને, કોઇ અવધૂતચક્ષુના ત્રાટકને, કોઇ યોગીથી શિખડાવાતી અષ્ટયોગ



પ્રક્રિયાઓને, ગુરુપદેશને, ગુરુદ્વારા સંપ્રાપ્ય દીક્ષાને કે છેવટે ભગવત્કૃપાને જરૂરી માને છે. જેવી જેની શ્રદ્ધા. અધ્યાત્મના વિવિધ માર્ગો આત્મકલ્યાણ માટે જ છે. અષ્ટાંગ યોગક્રિયાઓ સાધકને ચિત્તવૃત્તિ નિરોધ તરફ જ લઇ જાય છે અને તે દ્વારા આત્મશાન્તિ સિદ્ધ કરાવે છે. કુંડલિની જાગ્રતિથી પણ ધ્યાન લાગી જાય અને તે દ્વારા પણ સહજ યોગ સિદ્ધ થાય તો સાધકને આત્મસાક્ષાત્કાર સાંપડે અને ઈશ્વરદર્શને ય થાય. ભગવાન શ્રીકૃષ્ણ સર્વત્ર વ્યાપક આત્માનાં દર્શનને જ પરમાત્મદર્શન કહે છે.

"सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥–गीता ६/२९

આ રીતે યોગમાં જેનો આત્મા જોડાયો છે તે સર્વત્ર સમદૃષ્ટિવાળો બની પોતાને દરેક જીવમાં અને દરેક જીવને પોતાનામાં જુએ છે. એ જ એનુ પરમાત્મદર્શન. એ જ એના વડે કરાતો પ્રભુનો સાક્ષાત્કાર. એથી એને પરમ શાન્તિ સાંપડે છે.

"युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥–गीता ६/१५

ભગવાન કહે છે યોગનો સાધક મનને નિયમનમાં (વશમાં) રાખનાર છે. અને તેમ કરીને તે પોતાને પોતાના આત્માને મારામાં જોડે છે, યોજે છે. મારી સાથે તે યોગ સાધે છે અને અન્તે નિર્વાણની પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. ભગવાનમાં રહેલી જન્મમરણના ફેરાઓમાંથી મુક્તિ અપાવનારી પરમ શાંતિને પામે છે.

વાસ્તવમાં તો કર્મથી કોઇ મુક્ત થઈ શકતું નથી. કર્મફળથી મુક્ત રહી શકાય ? "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।" એ શ્રીકૃષ્ણની પ્રખ્યાત અમરવાણીમાં રહેલ

કર્મસમર્પણભાવથી કર્મના ફળથી અનાસક્ત રહી શકાય આ સમર્પણ ભાવને ભગવાન આ રીતે વધુ સ્પષ્ટ કરે છે.

"ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्परा : ।
अनन्यैव योगेन मां ध्यायन्त उपासते ॥-गीता १२/६

જે લોકો બધાં જ કર્મો મને સમર્પણ કરે છે તે તેમજ એ અનન્ય અજોડ યોગથી મારું ધ્યાન ધરતા મારામાં તલ્લીન બનીને મને જ ભજે છે, આ ત્યારેજ શક્ય છે જ્યારે શ્રદ્ધા-પૂર્વક અનન્ય નિષ્ઠાપૂર્વક સાધક સન્તસમાગમ સાધે, સત્સંગ સેવે, ગુરુશરણે જાય, એના પરિણામસ્વરૂપે તે મૃત્યુ અને સંસારસાગરને યે પાર કરી જાય છે.

કોઇ પૂછે કે યોગસાધનામાં જોડાયેલ હોય કે જોડાવા માગતો હોય તેણે સંસાર છોડી દેવો ? ના સંસારથી ભાગીને ક્યાંય જવાની જરૂર નથી. સંસાર ત્યાગવાની જરૂર નથી. જરૂર છે મનમાંથી સંસારીપણું સંન્યસવાની, ત્યાગવાની. સાચી સમજથી યોગ માર્ગે વળેલ, સાધકને સંસાર લેપી શકતો નથી; ઇન્દ્રિયોના વિષયો કે સંસારનાં પ્રલોભનો આસક્ત કરી શકતાં નથી. આ બાબત શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છેઃ–

"योगयुक्तो विशुद्धात्मा विजितात्म जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥गीता–५/७

યોગમાં પ્રયુક્ત થનાર મુમુક્ષુ (ક્રમેક્રમે) શુદ્ધ ચિત્તવાળો, આત્માને (મનને) વિશેષ રીતે જીતનારો, ઇન્દ્રિયજિત સર્વ પ્રાણીઓમાં પોતાના પ્રાણનું (આત્માનું) દર્શન કરનારો બનતાં સંસારના (કુશળતાપૂર્વક) કર્મો કરવા છતાં એનાથી લેપાતો નથી, એનાથી મુક્ત રહે છે; કર્મ કે કર્મફળથી અના-સક્ત (અસ્પૃષ્ટ) રહેતાં તે કર્મજિત એટલે કે જીવનમુક્ત બની રહે છે.



# ત્રાટક

મણિભાઈ શાહ

निमिषोन्मेषकं त्यक्त्वा सूक्ष्मलक्ष्यं निरीक्षयेत् ।
पतन्ति यावदश्रूणि त्राटकं प्रोच्यते बुधैः ॥

કોઈ સૂક્ષ્મ વસ્તુને લક્ષ્ય કરીને આંખમાંથી આંસુ પડે ત્યાં સુધી મટકું માર્યા વિના સ્થિરનેત્રથી જોઈ રહેવું તેને યોગીઓ ત્રાટક કહે છે.

પરંતુ સૂક્ષ્મ વસ્તુ એટલે શું ? એમાં લક્ષ્ય તરીકે અનેક વસ્તુનો સમાવેશ કર્યો છે. ઈષ્ટદેવની મૂર્તિ, દીપક, કાચનો પારો, કમળકાકડી, ધોળા કાગળ ઉપર ઝીણું કાળું ટપકું, સૂર્ય, ચંદ્ર વગેરે લક્ષ્ય તરીકે નક્કી કરી શકાય પરંતુ ધોળા કાગળ ઉપર ઝીણું ગોળ કાળું ટપકું કરીને ત્રાટકની શરૂઆત કરવી અનુકૂળ પડશે.

ત્રાટકનો હેતુ ચંચળ ચિત્તને સ્થિર કરવાનો છે. દેહ-સ્થિર થાય તો નેત્ર મન સ્થિર થાય છે. તેમ નયનની દૃષ્ટિ સ્થિર થતા ચિત્તવૃત્તિ પણ સ્થિર થાય. સ્થિરવૃત્તિ સાધિત મન, પછી તે દેહની અંદર કે બહારના કોઈ સ્થાન પર, સ્થિર રહી શકે છે.

અનુભવી યોગી શ્રી નથુરામ શર્માએ ત્રાટકના અનુભવોનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છે. ત્રાટકથી શરૂઆતમાં ભિન્ન ભિન્ન પ્રકારના રંગો, વરાળ, અંધકાર, પદાર્થોના આકાર અને વિવિધ પ્રાણીઓ આદિનું દર્શન થાય છે અને જ્યારે ત્રાટકના અભ્યાસમાં શ્વેત પ્રકાશનું દર્શન સ્થિર થાય ત્યારે ત્રાટક સિદ્ધ થયું ગણાય.

લક્ષ્યને સ્થિર દૃષ્ટિથી જોવું એટલે કેવળ આંખથી જ જોવું એમ નહીં પણ આંખ સાથે મનને પણ પૂર્ણ રીતે કામે લગાડવાનું છે અને મનની સાથે પોતાની જીવસત્તાનો પણ પૂર્ણ પ્રયોગ કરવાનો છે.

ત્રાટકની રીતઃ—

(૧) ધોળા પુંઠા ઉપર એક ઝીણું કાળું ગોળ ટપકું કરો અને પોતાની બેઠકથી દોઢ કે પોણા બે ફુટ છેટે ઉભું રાખો.

(૨) પદ્માસન, સિદ્ધાસન કે પલાંઠી વાળીને બેસો.

(૩) હવે કાળાં ટપકા સામે ઉઘાડી આંખે સ્થિર દૃષ્ટિથી જોઇ રહો. પાંપણથી મટકું મારવાનું નથી. હાથ પગ કે સમગ્ર શરીરમાં ક્યાંય હલચલ થવી ન જોઇએ, જીભ પણ નહીં.

(૪) આંસુ પડે ત્યાં સુધી જોઇ રહો પણ, આંસુ પડે તે પહેલા આંખ ઉપર તાણ કે થાક જણાય તો દૃષ્ટિ છોડી દો. થોડો આરામ કરી ફરી શરૂ કરો.

(૫) દૃષ્ટિ કરતી વખતે કપાળના ભવાં કે આંખ પડખેના સ્નાયુઓ તણાયેલા ન હોવા જોઇએ. સ્વાભાવિક રીતે જોવાનું છે. આંખના ડોળા પણ ક્રોધ વખતે જેમ પહોળા થાય છે તેમ કરીને પણ જોવાનું નથી. પરંતુ વગર તાણે શાંતભાવે આંખો ઉઘાડી રાખવાની છે.

શરૂઆતમાં ૩૦–૪૦ સેકંડથી શરૂ કરી પાંચ થી દસ મિનિટ સુધી કરી શકાય. અભ્યાસ કરતા કરતા સમય વધારી એક કલાક સુધી પહોંચી શકાય પણ તે ઘણા અભ્યાસને અંતે જ સિદ્ધ થાય.

જેમ પાસેના લક્ષ્ય ઉપર દૃષ્ટિને સ્થિર કરી શકાય તેમ દૂરના લક્ષ્ય ઉપર પણ દૃષ્ટિ સ્થિર કરી શકાય. ચંદ્ર, સૂર્ય, આકાશ, વર્ષાની કે બીજી હરિયાળી વગેરે. પરંતુ સૂર્ય ઉપર દૃષ્ટિ કરતી વખતે સૂર્યોદય કે સૂર્યાસ્તનો જ સમય લેવો. બપોરના કે સૂર્ય તેજ ઉગ્ર થયા પછી સૂર્ય સામે દૃષ્ટિ ન કરવી નહીં તો આંખને નુકશાન થવા સંભવ છે. દીપક રાખીને ત્રાટક કરવામાં આવે ત્યારે ઘીનો દીવો કરીને કરવું. દીવાની જ્યોત નિશ્ચલ રહે તેવી જગ્યામાં દીપક રાખવો જોઇએ.



ફાયદા– (૧) અંતઃકરણની વૃત્તિની એકાગ્રતા અને દૃષ્ટિની નિર્મળતા પ્રાપ્ત થાય.
(૨) આંખનું આરોગ્ય સુધાય.
(૩) સાધનાકાળમાં આળસ, તંદ્રા નિદ્રા પહેલાં તામસિક વૃત્તિ દૂર થાય.
(૪) દશે ઇન્દ્રિયોની ચંચળતા ઘટે.
(૫) ધારણાની ભૂમિકા બંધાય.

સૂચના– (૧) આંખની આસપાસના સ્નાયુ તણાય નહી તેનો ખાસ ખ્યાલ રાખવો.
(૨) લક્ષ્યભ્રષ્ટ થાય કે આપણું ધ્યાન બીજે ખેંચાય તેવું કોઇ પ્રલોભન કે અડચણ આસપાસ હોવી ન જોઇએ. ત્રાટકનો અભ્યાસ એકાંત સ્થળમાં કે ઓરડામાંજ કરવો.
(૩) ઉષ્ણ ને ઉત્તેજક પદાર્થો ન ખાવા.



# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## વેદબંધુ એક સાચા સંતનો સમાગમ

સાચા સંતો સત્સંગનો મહિમા કરતાં થાકતા નથી. બીજાં કેટલાંક સુખો તન ને મનને અસર કરે છે પણ સત્સંગનું વિલક્ષણ સુખ તો આત્માના પ્રદેશમાં પહોંચી જાય છે અને આત્માને અસર કરે છે. મને પોતાને પણ સત્સંગ પ્રિય છે.

આગળના એક પ્રકરણમાં મેં અમદાવાદના એક સંસ્કારી કુટુંબનો ઊડતો ઉલ્લેખ કરી લીધો છે. તે કુટુંબના સભ્યો સાથે ઈ. સ. ૧૯૪૩ માં હું દેવપ્રયાગની પહેલવહેલી મુસાફરી કરીને હરદ્વાર આવ્યો હતો. તે વખતે શ્રવણનાથના મંદિરના હોલમાં ઉત્તર પ્રદેશના સુપ્રસિદ્ધ સંત શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી ભાગવત્ સપ્તાહ કરાવી રહેલા. ત્યાં અમે થોડો વખત બેઠેલા. ભાગવતની કથા પૂરી થયા પછી પ્રભુદત્તજી પોતાના નિયમ પ્રમાણે ઊભા થયા ને નૃત્ય સાથે કીર્તન કરવા માંડયા. મને પણ કીતનમાં રસ હતો. તે વખતે હું કરતાલ રાખતો. એટલે આનંદમાં આવી હું પણ કીર્તનમાં સામેલ થયેલો. ચૈતન્ય મહાપ્રભુના આદર્શને સામે રાખીને પ્રભુદત્તજી કીર્તનનો કાર્યક્રમ ચલાવતા હોય એવી મારા પર છાપ પડેલી.

કીર્તન પૂરૂં થયા પછી અમે પ્રભુદત્તજીના દર્શન માટે ગયા. તે વખતે તેમના ઓરડામાં એક બીજા મહાત્મા બેઠેલા. તેમણે સફેદ વસ્ત્રો પહેરેલાં. તેમના મુખ પર તેજ હતું. તેમની આંખ પણ તેજસ્વી અને ઊંડી શાંતિથી ભરેલી હતી.



તેમને જોઇને મને થયેલું કે આ કોઈ મહાપુરુષ છે. અમે ત્યાંથી વિદાય થયા ત્યારે પણ એ શાંત સાધુ પુરુષની આકૃતિ મારા મનમાં કાયમ માટે વસી ગઈ. તે મહાપુરુષના સંબંધમાં મને પ્રથમ નજરે જ પ્રેમ કહીએ તેવું થઈ ગયું.

તે વાતને દિવસો થઈ ગયા ને મારે ટિહરીમાં રહેવાનું થયું ત્યારે એક દિવસ અચાનક જ એમનો મેળાપ થઇ ગયો. બંનેની નજર એક થઈ. આનંદ થયો. વધારે આનંદ તો એ થયો કે અમે બંને બદરીનાથ મંદિરની એકજ ધર્મશાળામાં ઉતરેલા. ઈશ્વરની કૃપાછે એક મહાન સંતનો સમાગમ આમ સહેલો બન્યો. તેમને મળવાની મારી લાંબા વખતની ઈચ્છા આમ એકાએક પૂરી થઈ તેમનું નામ વેદબંધુ હતુ

વેદબંધુના સમાગમથી મને આનંદ થયો. ધીરે ધીરે અમારી વચ્ચે સ્નેહસંબંધ બંધાઇ ગયો. તેમણે પોતે કેટલીય જાતની સાધના કરેલી. જૂદા જૂદા અનેક અનુભવો મેળવ્યા ને શાંતિની પ્રાપ્તિ કરી. તેમનો સ્વભાવ નમ્ર અને માયાળુ હતો. તેમને અંગ્રેજી અને સંસ્કૃતનું સારૂં જ્ઞાન હતું. અત્યારે તે ઉત્તરકાશીથી આવી રહેલા. તેમની સાથે એક વૃદ્ધ સંન્યાસી પુરુષ હતા. તે દેવીના ઉપાસક હતા ને ઉત્તર કાશીમાં રહેતા. નેપાલના રાજકુમારને તેના પર ને વેદબંધુ પર પ્રેમ હતો. રાજકુમારના કહેવાથી તે વૃદ્ધ સંન્યાસી મહારાજને લઇને ઋષિકેશ તરફ જઈ રહેલા. ઋષિકેશ જવાનો મોટરમાર્ગ તૂટી જતાં તેમને ટિહરીમાં વીશેક દિવસ રોકાઈ જવું પડયું. તે દરમ્યાન અમે ગાઢ સંપર્કમાં આવ્યા. એટલા થોડા વખતમાં એવો પ્રબળ પ્રેમ મને બહુ ઓછા સંત પુરુષો તરફ થયો હશે.

બદરીનાથની ધર્મશાળામાં મળ્યા એટલે વેદબંધુએ પ્રસન્નતા-

પૂર્વક કહેવા માડયું : 'આખરે આપણે મળ્યા ખરા. હરદ્વારમાં પ્રભુદત્તજીની પાસે તમને જોયા ત્યારે જ મને થયું હતું કે તમારામાં કાંઇક વિશેષતા છે. તમને જોઇને આનંદ થયેલો ને મળવાની ઇચ્છા જાગેલી.'

તેમના શબ્દો સાંભળી મને પણ તેમના તરફના એવાજ ભાવની સ્મૃતિ થઈ. પછી મેં તેમને પ્રશ્ન કર્યો, 'શું તમને કીર્તન નથી ગમતું ?'

'સાચી વાત છે,' તેમણે ઉત્તર આપ્યો. હું કીર્તનમાં સામેલ નહોતો થતો. મને કીર્તન ગમે છે પણ જનસમૂહમાં બેસવા કરતાં એકાંતમાં બેસવાનું સારું લાગે છે. કીર્તનમાં બેસવાનું થાય ત્યારે પણ ખેચરી મુદ્રા કરીને બેસી રહેતો. એટલે મને આજુ-બાજુ શું થાય છે તેનું ભાન જ રહેતું નહીં.'

'યોગશાસ્ત્રો ખેચરી મુદ્રાનાં ખૂબજ ગુણગાન કરે છે. ખેચરીથી સમાધિમાં સિદ્ધિ મળે છે, આકાશગમન થઈ શકે છે, મસ્તકમાંથી ટપકતા અમૃતનું પાન કરીને તેના દ્વારા યોગી અંખડ યૌવનની પ્રાપ્તિ કરે છે ને મૃત્યુંજય બની જાય છે. એવી વાતોનો યોગગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમને તેનો અનુભવ મળ્યો છે ?'

'મને કેટલોક અનુભવ મળ્યો છે.' તેમણે સ્પષ્ટતા કરી, 'તેથી મને સંતોષ થયો છે. ખેચરી મુદ્રા દ્વારા અમૃતરસનું પાન થાય છે ને સમાધિમાં સિદ્ધિ મળે છે એ સાચું છે. મારી દશા અત્યારે એવી છે કે હુ ખેચરી મુદ્રા કરીને જીભને તાળવા પર લગાડું એટલે મને સમાધિ સહેલાઇથી થઈ જાય છે. એ દશામાં હું ઇચ્છાનુસાર રહી શકું છું. ખેંચરી કરતી વખતે હું નક્કી કરું કે બરાબર અર્ધા, પોણા કે એક કલાકે



સમાધિ દશા પૂરી થાય ને ભાન આવે તો તે પ્રમાણેજ અર્ધા, પોણા કે એક કલાકે જ મને ભાન આવે છે. મારી મરજીમૂજબનો સમય પૂરો ન થાય ત્યાં સુધી જીભ તાળવા પરજ લાગેલી રહે છે.'

તેમનો ખુલાસો મારે માટે નવો હતો, મેં જિજ્ઞાસા વ્યકત કરતાં કહ્યું 'તે પ્રમાણે બની શકે ખરૂં ?'

'જરૂર' તેમની આંખ ચમકી ઉઠી ને તેમના મુખપર સ્મિત ફરી વળ્યું. 'જરૂર બની શકે. એ બધું સંકલ્પનું કારણ છે. સંકલ્પની શકિત ઘણી ભારે છે. સમાધિનું પણ તેવુંજ છે. લાંબા અભ્યાસ પછી સમાધિ દશામાં પણ ઇચ્છાનુસાર રહી શકાય છે. તેની સત્યતામાં કોઇ જાતનો સંદેહ નથી.

એ પ્રમાણે રોજ વિવિધ વિષયોની ચર્ચા ચાલ્યા કરતી. એકવાર કહે "અનુભવોથી પ્રેરણા ને ઉત્સાહ મેળવીને માણસે આગળ વધવાનું છે તેને સર્વસ્વ માનીને બેસી જવાનું નથી. આત્મસાક્ષાત્કાર અથવા ઈશ્વરદર્શન ના થાય ત્યાં સુધી આગેકૂચ ચાલુ જ રાખવાની છે. સંતોષ પામીને કે ફૂલાઈ જઇને બેસી જવાની વૃત્તિથી સાધકે સદાય સાવધ રહેવાનું છે."

તેમણે પોતાને થયેલા અનુભવોનો ઉલ્લેખ કરતાં મહમદ સાહેબના હાથમાં પોપટ સાથેના દર્શનની વાત કરી પછી ઉમેર્યું કે ભગવાન વ્યાસના દર્શનનો લાભ પણ મળ્યો છે.

"વ્યાસનો ?"

'હા' તે વખતે હું ઉત્તરકાશી હતો. નવરાત્રિના દિવસોમાં કેવળ ગંગાજળ પર રહી હું દિવસ રાત એ એકાંત સ્થળમાં પ્રાર્થના કરવા માંડયો. નવમો દિવસ પૂરો થયો ત્યાં સુધી મને શાંતિ ન મળી દસમે દિવસે સવારે હું ખૂબજ ચિંતામાં હતો

મને થતું હતું કે આટલી મહેનત ને પ્રાર્થના કરી પણ શાંતિ ન મળી. હવે મારું શું થશે ? મારી આંખ ભીની થઇ. તેજ વખતે મારી કુટિયામાં મારી સામે પ્રકાશ પથરાઇ ગયો ને તેમાં એક મહાપુરુષનું દર્શન થયું. મને સમજાયું કે એ મહાપુરુષ કોઇ નહીં પણ મહર્ષિ વ્યાસ હતા. તેમનું શરીર સોના જેવું તેજસ્વી ને ચમક ભરેલું હતું. આંખ જાણે અમૃતથી આંજેલી. તે શુદ્ધ સંસ્કૃતમાં મને શાંતિનો સંદેશ સંભળાવવા લાગ્યા. તેમના બધા શબ્દો મને યાદ નથી, પણ તેમના સંદેશાના છેલ્લા શબ્દો, " कैवल्यं प्राप्यसि । તું કૈવલ્યની પ્રાપ્તિ કરીશ," એવા હતા. તેમણે કહ્યું તેનો સાર આવો હતો : પૂર્વ જન્મમાં તું શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યનો શિષ્ય હતો. તે વખતે તારામાં જ્ઞાન હતું પણ વિજ્ઞાન ન હતું. તેથી તું મુક્તિ ન મેળવી શક્યો. તે જન્મમાં તેં તારા એક મિત્રને સુવર્ણની ચોરી કરવામાં સાથ આપેલો. તેના પ્રાયશ્ચિત રૂપે તું આ જન્મમાં અશાંતિ અનુભવી રહ્યો છે. હવે ઉત્તરકાશીમાં જઈ અમુક જાતનો હવન કર. બ્રહ્મભોજન પણ કરાવ. તેથી તારું પ્રાયશ્ચિત પૂરું થશે, તને શાંતિ મળશે, અને આ જન્મમાં તું કૈવલ્યની પ્રાપ્તિ કરી શકીશ.'

"એમ કહીને ભોજપત્રની કૌપીનવાળા એ મહાપુરુષ અદૃશ્ય થઇ ગયા. એ અનુભવથી મને શાંતિ મળી. તેમણે કહેલી વિધિ પ્રમાણે મેં હવન કરાવ્યો ને બ્રહ્મભોજન પણ કરાવ્યું તે તે પછી થોડા દિવસમાં એક ધન્યપળે મને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થયો. તેથી મારી બધી અશાંતિ દૂર થઇ. આજે મને શાંતિ છે, સંપૂર્ણ શાંતિ છે'



# જપનો મહિમા

ફાધર વાલેસ

હાથમાં માળા છે. મણકા આંગળીઓ વચ્ચેથી સરતા જાય છે. હોઠ ઉપર ભગવાનનું નામ છે. શ્વાસ ધીરેથી, ભક્તિથી, લયથી લેવાય છે, ને પ્રાણ સાથે પ્રાર્થના વણાઈ જાય છે. નામની ઉપાસના છે. જપની સાધના છે.

સરળ પ્રક્રિયા લાગે છે. અભણ માજી એ કરી શકે છે. નાનો છોકરો કરી શકે છે. પણ એનો ઊંડો મર્મ છે. ભારે પુણ્ય છે. જો શ્રદ્ધાથી ને ખંતથી કરવામાં આવે તો એ જપ યજ્ઞમાં માણસને આધ્યાત્મિક પંથે આગળ લાવવા ભારે સામર્થ્ય હોય છે.

જપમાં ભગવાનનું નામ છે, ભગવાનના નામમાં શક્તિ છે. એ મંત્ર છે, વેદ છે, ઓમકાર છે. માણસનું નામ જાણીએ એટલે એને બોલાવી શકીએ. પ્રિયતમાનું નામ જાણીએ એટલે એનું રટણ કરી શકી ને ધન્ય થઈએ છીએ. કોઇને બોલાવવા, પાસે લાવવા, મદદ મેળવવા ને પ્રેમ કરવા પહેલું સાધન તો નામ જ હોય છે. માટે ભક્તિ અને યોગ, ધ્યાન અને શુદ્ધિનું અગત્યનું પગલું જપ હોય છે. ભગવાનને યાદ કરવા, બોલાવવા અથવા તો, ખરું કહીએ તો આપણને પોતાને ભગવાનનું સ્મરણ દેવરાવવા અને આપણી જાતને એની પાસે લઈ જવા નામસ્મરણ અને નામોચ્ચારણ અમોઘ સાધન છે. એ ખાલી બાહ્યવિધિ નથી. હોઠનો બબડાટ નથી કે હવાનો ખાલી તરંગ નથી નામ દિલમાં છે એટલે જ જીભે ચઢે છે, અને જીભ ઉપર આવે છે એટલે હૃદયમાં વધારે ઊંડે ઉતરી જાય છે. બહારની ક્રિયા અંદરના ભાવનો આવિર્ભાવ

છે, અને અંદરનો ભાવ બહારની ક્રિયાથી સુદૃઢ બને છે. નામ બોલવામાં ધન્યતા છે કારણ કે નામનો માલિક હૃદયનું સર્વસ્વ છે.

જપમાં મન અને દેહનો સુમેળ છે એટલે જ એનું મહત્વ છે. વિચાર છે ને ક્રિયા છે. લાગણી છે ને મુદ્રા છે. શ્રદ્ધા છે ને શબ્દ છે. મણકાની માળા છે અને ભક્તિનો ઊભરો છે. જપમાં આંગળીઓ બોલે છે, હાથ બોલે છે, હોઠ બોલે છે ને શ્વાસ બોલે છે. આખો દેહ બોલે છે ને આત્મા બોલે છે. એ પ્રાર્થના છે આખા માનવની, સાધના છે હૃદયની ને દેહની. એમાં માનવીની બધી શક્તિઓ જોડાય છે. બધાં અંગો ભાગ લે છે. ને એ જુદા જુદા મણકા વિખેરાય ને ધ્યાન છૂટે તો જપ વીસરાય. મણકા તુલસીના હોય કે રુદ્રાક્ષના હોય, ચંદનના હોય કે કાચના હોય, પણ એમને સાથે રાખનાર, દીક્ષા આપનાર, પ્રાર્થનારૂપ બનાવનાર એ દોરી છે, એ ધ્યાન છે, એ ભક્તિ છે.

ને માળા તો અનંત છે. એકસો આઠની સંખ્યા પણ એક પૂરી થાય ત્યાં બીજી શરૂ થાય. ને એ પણ પેલી દોરીના પ્રતાપે. તે બાંધેલી છે, સાંધેલી છે, એટલે એનો અંત ન આવે. ગોળ ગતિ છે, શાશ્વત ચક છે. માળાના ફરી ફરીને નવા અવતાર થાય, આપણી આંગળીએ એ પુર્નજન્મ પામે. એક માળા બીજી કરવાની તમન્ના જગાડે. એક પૂરી થાય ત્યાં બીજી શરૂ કરવાનો વાયદો મૂકતી જાય. માળા હંમેશાં તૈયાર આંગળીએ ફરવા ઉત્સુક. અને અગત્યના કામ માટે એને છોડીને બીજું કંઈ કરવું પડે, હાથમાં બીજું કંઇ પકડવું પડે, ત્યારે પણ ખૂણે પડેલી માળા બોલતી જાય છે, સાક્ષી પૂરતી જાય છે કે અમે તો પેલી આંગળીઓના સ્પર્શથી ઘસાયેલા છીએ. ભગવાનના નામના ઉચ્ચારથી ઘડાયેલા



છીએ, એટલે અમારો એ જ અવતાર છે, એ જ અર્થ છે, એ જ ભાષા છે; એ આંગળીઓ હમણાં અમને ફેરવી ન શકે તો એનું સ્મરણ અમે કરતા રહીશું, એ હોઠ હમણા એ પવિત્ર નામ બોલી ન શકે તો અમે એનો પડઘો પાડતા રહીશું. જપના અભ્યાસથી ઘસાયેલી માળ એ મૂર્તિમંત પ્રાર્થના, નિત્યસંકેત, ભક્તિની સાક્ષી છે. એનો માલિક ન બોલે ત્યારે એ બોલે છે, એનો માલિક ઊંઘતો હોય કે કામ કરતો હોય ત્યારે એ એના હૃદયનો ભાવ ઝીલીને એના પ્રેમનો સંદેશ ભગવાનનાં ચરણો સુધી પહોંચાડતી જાય છે.

એક શ્રદ્ધાળુ ભક્ત માળા પૂરી કરીને કામઉપર ઓફિસે જતા ત્યારે માળાને ૐના આકારમાં ગોઠવીને જતાં. ભાવના એવી હતી કે મારું મન હવે બીજા કામમાં પરોવાયેલું હશે અને મારો હાથ માળા નહિ, પણ પેન લઈને કંઇક લખવામાં પ્રવૃત્ત હશે, તે દરમ્યાન મારી આ માળા મારે ઘેર રહીને, ભગવાનની મૂર્તિ આગળ રહીને, ૐના આકારમાં રહી મારો એ જપયજ્ઞ ચાલુ રાખશે; મેં એના મણકેમણકામાં રોજની ઉપાસનાથી ભક્તિ ભરી છે. એ બોલી ઊઠશે, બોલતી રહેશે સુંદર ભાવના હતી ને સાર્થક શ્રદ્ધા હતી. એ માળા કંઠીરૂપ ગળે પહેરીને ફરવામાં પણ એજ ભાવના છેને ? આંગળીએ નહિ તો ગળે, શબ્દોના ઉચ્ચાર સાથે નહિ તો મૌનમાં, પણ એ નામ, એ સ્મરણ, એ રટણ સતત જોઇએ, અને એનું પ્રતીક ગળે લટકાડેલી એ માળા છે. સ્વયંવરની માળા છે. દિગ્વિજયની માળા છે. શરણાગતિની માળા છે.

## રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

પિતાજીની વ્યથા અને એ વ્યથાને વ્યક્ત કરતાં એમનાં વચનો અહેતુક નથી. આટલો મોટો રાજસમાજ આમ નિષ્ક્રિય બનીને બેસી રહે ત્યારે એમને કેવું લાગે ? એમને અફસોસ ના થાય તો બીજું શું થાય ? કોઇનામાં જાણે પાણી જ નથી દેખાતું.'

'મારી મીટ તો રામ તરફ મંડાઇ રહી છે.' ઉર્મિલા બોલી ઉઠી : 'મને એમના પર આશા છે. એ આશા નિષ્ફળ નહિ જાય એવું મને ઉંડે ઉંડેથી લાગ્યા કરે છે.'

પરંતુ એ તો તદ્દન અચળ બનીને બેસી રહ્યા છે. એ હાલે છે જ ક્યાં ? એમના વર્તન પરથી તો એવું લાગે છે કે જાણે એમને સ્વયંવર સાથે કાંઇ લાગતુ વળગતું જ ના હોય.'

રામની અવસ્થા ખરેખર એવી જ હતી.

એ એકદમ અનાસક્ત કે અલિપ્ત બનીને બેસી રહેલા.

વચ્ચે વચ્ચે એ સીતા તરફ દૃષ્ટિપાત ર્ક્યાં કરતાં એટલું જ.

જનકના શબ્દો સાંભળીને એ તો એવાંજ શાંત રહ્યા, પરંતુ લક્ષ્મણનાં નેત્રો લાલ બની ગયાં.

એના વદનપર રોષ ફરી વળ્યો.

એની વીરતાને જાણે કે પોકાર કરવામાં આવ્યો.

એના પ્રતાપને પડકારવામાં આવ્યો હોય એવું એને લાગવા માંડ્યું.

એની શૂરવીરતા સળવળી ઉઠી.

પાસે બેઠેલા રામને સંબોધીને એણે જુસ્સાભરી ભાષામાં કહેવા માંડ્યું.



'રાજાના શબ્દોનું શ્રવણ કરીને મારું હૈયું હાલી ઉઠ્યું છે. મને કાંઇને કાંઇ થઈ જાય છે. એ શબ્દો સાચા શૂરવીરને માટે પડકારરૂપ છે. આપણા જેવા રઘુવંશીઓ જે સભામાં બેઠા હોય તે સભામાં આવા શબ્દોનો ઉચ્ચાર કરવાની હિંમત અથવા ધૃષ્ટતા જ દેખાઈ આવે છે ! આ અપમાનને મારાથી સહન નથી કરાતું.'

રામે કહ્યું :

'રાજા જનકના વચનને અપમાનરૂપ માનવાની આવશ્યકતા જરાય નથી. એમણે જે વચનો ઉચ્ચાર્યાં છે તે દુઃખ અથવા વ્યથાને લીધે જ ઉચ્ચાર્યાં છે. આપણે એ વચનોથી વિચલીત થવાની જરૂર જરાપણ નથી.'

"છતાં પણ મારાથી એ વચનો નથી સાંભળી શકાતાં, તમારી આજ્ઞા હોય તો શંકરના આ ધનુષ્યને હું રમતાં રમતાં ઉપાડી લઉં. એને ઉપાડવાનું કામ મને જરાપણ કઠિન નથી લાગતું. પરંતુ તમારી ઉપસ્થિતિમાં હું એવું સાહસ નથી કરવા માગતો. માટે જ તમને વિનંતિ કરું છું કે વિલંબ ર્ક્યાં વિના રાજા જનકના પડકારનો પ્રત્યુત્તર આપો અને ધનુષ્યને ઉપાડીને મને તથા સીતાને શાંતિ આપો.'

રામે સીતા તરફ દૃષ્ટિ કરી.

ધરતી તરફ દૃષ્ટિ ઢાળીને એ વિચારમગ્ન દશામાં ઉભી રહેલી. એની આકૃતિ કેટલી બધી આકર્ષક અને અમીમય લાગતી હતી ?

એ અમી રસનો આસ્વાદ લેતાં એમણે મહર્ષિ વિશ્વામિત્ર તરફ જોવા માંડ્યું.

એ વખતે રાજા જનકે ફરી વાર કહ્યું :

" મેં આ સ્વયંવરના સંબંધમા મોટી મોટી આશા બાંધેલી, પરંતુ મારી સઘળી આશા અને યોજના ધૂળમાં મળતી લાગે છે. સીતાને વરવાની શક્તિ કોઈનામાં નથી એની મને ખાતરી થાય છે.

હવે આ સ્વયંવરને નિષ્ફળ ગયેલાં અથવા પૂરો થયેલો જાહેર કરું ?"

'બિલકુલ નહી.' રાજ સમાજમાંથી અવાજ આવ્યો : 'ધરતી તમે માનો છો તેમ કોઇ વીર વિનાની નથી બની ગઇ. આ મંડપમાં બીજો કોઈ વીર પુરુષ નહિ હોય પણ હું તો છું જ. તમારા શબ્દોને સાંભળીને મને ઉભા થવાનું મન થયેલું પરંતુ મારો વિચાર મેં થોડા વખતને માટે એટલા માટે પડતો મૂક્યો કે હું જોવા માગતો' તો કે બીજો કોઇ વીર પુરુષ આગળ આવે છે કે નહિ. પરંતુ હજુસુધી બીજું કોઇજ નથી ઉઠ્યું એટલે બધાની પરીક્ષા થઈ ચૂકી.

એવું બોલીને લંકાપતિ રાવણ આગળ આવ્યો.

'મારા પરાક્રમની બરાબરી બીજા કોઇથી ભાગ્યે જ થઇ શકે તેમ છે. મનુષ્ય તો શું પણ દેવતા, યક્ષ, ગંધર્વ કે કિન્નરમાંથી પણ કોઇ મારો મુકાબલો નથી કરી શકે તેમ. મારું બાહુબળ એવું અસાધારણ અને વિશ્વવિદિત છે. શંકરનું ધનુષ્ય ગમે તેટલું પ્રતાપી હોય તો પણ મારે માટે રમકડાં બરાબર છે. હું એને હમણાં જ ઉઠાવી લાઉં છું.

મૂછપર હાથ ફેરવતો રાવણ ધનુષ્યની પાસે જઇ પહોંચ્યો. લક્ષ્મણે રામ તરફ જોયું તો રામે નિર્ભયતા સૂચક સ્મિત કર્યું. મહર્ષિ વિશ્વામિત્રે પણ લક્ષ્મણને શાંતિ રાખવાની સૂચના કરી. પરંતુ ઉર્મિલાને સીતાનું મન ખળભળી ઉઠ્યું.

'સીતાએ કહ્યું :'

'હજુ રામ ઉઠતા નથી એ જોઇને મને ભારે દુઃખ થઈ રહ્યું છે રાવણને ધનુષ્ય પાસે જોઇને મને કાંઇના કાંઇ વિચારો આવી જાય છે.' 'અત્યારનો સમય આવી રીતે શાંત રહેવાનો નથી જ. પરંતુ રામ અને લક્ષ્મણ તથા મુનિવર વિશ્વામિત્રને એવું કહે કોણ ?" ઉર્મિલા બોલી.

એમાં કહેવાનું જ શું ! એમને પોતાને એટલી ખબર ન પડે ?'



'તું વ્યગ્ર ના બન. તારે માટે દેવર્ષિ નારદના કથન પ્રમાણે રામનું જ નિર્માણ થયું હશે તો રાવણ તો શું પણ બીજું કોઇયે આ ધનુષ્યને નહિ ઉપાડી શકે."

'રાવણનો પ્રયાસ નિષ્ફળ જાય એ માટે હું જગદંબાને પ્રાર્થના કરીશ. મને રાવણ જરા પણ નથી ગમતો.'

'તારી પ્રાર્થના સફળ થશે.'

'સીતાએ મનોમન જગદંબાને પ્રાર્થના કરવા માંડી.'

એની છાતી ધડકવા લાગી, અને દશા અત્યંત દયનીય બની ગઈ.

એટલામાં'તો રાવણ સીતા તરફ સ્મિત કરીને ધનુષ્યને ઉપાડવાના આશયથી નીચે નમ્યો.

રાજાઓ ને રાજકુમારો ભારે કુતૂહલપૂર્વક જોઈ રહ્યા.

રાવણ મહાપ્રતાપી હતો. એની સૌને માહિતી હતી.

એણે ધનુષ્યને ઉઠાવવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્નમાં ધનુષ્યની નીચે એની આંગળી દબાઇ ગઇ.

એ આંગળીને બહાર કાઢતાં એની આંખે અંધારા આવી ગયાં. એ જોઇને રાજકુમારો જોરથી હસવાને ઠઠ્ઠા–મશ્કરી કરવા લાગ્યાં.

પોતાના પરાભવથી રાવણ ડઘાઇ તથા લજાઇ ગયો.

એનાથી એ અપમાન ના સહી શકાયું.

એણે સીતા તરફ જોયું તો એ પણ ઉપહાસ સૂચક હાસ્ય કરી રહી'તી. એનું હાસ્ય તો એને માટે જ વજ્રપાતથી યે વધારે વ્યથા જનક બની ગયું.

એ બબડ્યો : 'રૂપનું આટલું બધું ગુમાન ? હું જોઈ લઈશ.' અને ભારે મર્મભેદક ડંખ સાથે એ પોતાના આસન પર પાછો ફર્યો.

રાવણને પોતાનું અપમાન તો સાલ્યું જ પરંતુ સીતાનું હાસ્ય વધારે સાલ્યુ. એ હાસ્ય એના અંતરમાં અંકિત થઈ ગયું. એને થયું કે મારી નિષ્ફળતા જોઇને સીતા હસવા લાગી એ શું બતાવે

છે ? એ જ મારી નિષ્ફળતાથી એને આનંદ થયો છે. હું ધનુષ્ય ઉપાડવામાં નિષ્ફળ ગયો અને રાજ સમાજમાં મારુ અપમાન થયું એ એને ન ગમ્યું એવું પહેલેથી જ એવી અપેક્ષા રાખી હશે.

જો કે સીતાનું હાસ્ય બીજા બધા દર્શકોની પેઠે સહસા જ નીકળી પડેલું. એની પાછળ રાવણનું અપમાન કરવાનો આશય જરા પણ ન હતો. છતાં પણ રાવણને હાસ્ય પોતાનું અપમાન કરવા માટે જ વહેતું કરાયું હોય એવું લાગી ગયું. સ્વયવર મંડપની ચારે તરફથી પડેલા મુક્ત હાસ્યના પડઘા અને એટલા બધા પ્રખર અને પીડાકારક લાગ્યા. એ પડઘાને તો એ પી ગયો. પરંતુ સીતાના હાસ્યના શાંત પડઘાએ એના હૈયાને હલાવી નાખ્યું. એ પડઘા એના કાળજાને કોરી રહ્યા. એના મનોરથ ભરેલા મનને માટે એ ભારે મર્મ વિદારક થઈ પડ્યા. એનું રોમરોમ એથી રંગાઇ ગયું અને રોષે ભરાઇ રહ્યું.

એનું કારણ સ્પષ્ટ હતું. સ્વયંવર મંડપમાં આવેલો રાવણ બીજા કેટલાક આગંતુકોની જેમ કુતૂહલથી પ્રેરાઈને માત્ર દર્શનાર્થી બનીને જ નો'તો આવ્યો. એ સીતાનાં લગ્નનો ઉમેદવાર થઇને આવેલો. એના મનમાં સીતાને પોતાની કરવાના કોડ હતા. સીતાની અસાધારણ સુંદરતા વિશે એણે અવારનવાર સાંભળેલું. એ સીતાને પોતાની પ્રિયતમા થઈને પોતાના રાજપ્રસાદની શોભા બને એવી આકાંક્ષા એના મનમાં ઉત્પન્ન થઇ હતી. એટલે તો એ સ્વયંવરનો અવસર આવતાં મિથિલા નગરીમાં આવી પહોંચેલો. અને સીતાને એણે જોઇ ત્યારે તો એને સારી પેઠે સમજાયું કે પોતે સાંભળેલી સૌન્દર્ય ને માધુર્યની પ્રશંસા તો અત્યંત અલ્પ હતી. કોઈ અપ્સરા કે દેવાંગના પણ એની બરાબરી ના કરી શકે એવી એ અનેરી અને અજોડ હતી.

(ક્રમશ)

With Best Compliments From

આપણે જેટલું વધારે કામ કરીએ, એટલી વધુ કામ કરવાની શક્તિ આપણામાં પેદા થાય છે. આપણે જેટલા વધુ કાર્યશીલ હોઇએ, એટલો આપણને વધુ આરામ મળે છે.

—હેઝલિટ




**M/s. Swastik Sales Corporation**
**M/s. Puja Sales Corporation**

Jemsons House, Subhash Road,
ANAND-388 001

Phone : 488 & 1267

ADHYATM Regd.–No. GBV 113

# સાચા સાધુસંતોની ઓળખ

લોકોએ ધર્મની સાચી દૃષ્ટિ કેળવવાની તેમજ સત્ય અને અસત્ય તથા શુભ અને અશુભને સમજવાની શકિત ખીલવવાની જરૂર છે કે જેથી અસત્યના શિકાર ના થવાય અને સત્યથી વંચિત ના રહી જવાય.

બધાંજ ધર્મશાસ્ત્રો એ બાબતમાં સહમત છે કે સાચા સાધુસંતો દૈવી સંપત્તિની મૂર્તિ જેવા અથવા સદ્દગુણ, સદ્દવિચાર ને સત્કર્મની સૌરભથી ભરેલા હોય છે. અંદરની અને બહારની નિર્મળતા તેમનું મુખ્ય લક્ષણ હોય છે. વળી તેઓ પોતાના મન અને ઇન્દ્રિયોના સ્વામી હોય છે. એમનામાં સંસારના વિષયોની રસવૃત્તિ, અહંતા, મમતા તથા આસકિતનો સંપૂર્ણ અભાવ હોય છે.

પરમાત્માજ એમના જીવનના એક માત્ર આરાધ્ય કે આદર્શ હોય છે. એના પવિત્ર પ્રેમથી પોતાના પ્રાણને પરિપ્લાવિત કરીને તેઓ પોતાના તથા બીજાના હિત માટે જીવતા હોય છે. પરિણામે તેઓ શાંતિ, પ્રસન્નતા નિર્ભયતા ને જ્ઞાનની મૂર્તિ બની જાય છે. તેઓ સર્વ પ્રકારનાં છળકપટ અને અનર્થથી મુકિત મેળવી ચૂકેલા હોય છે અને પોતાનાં વચન અને વર્તનથી બીજાને પણ તેવા થવાની પ્રેરણા પૂરી પાડતા હોય છે. સાચા સાધુ સંતોની આ આદર્શ કલ્પના છબિ નજર સમક્ષ રાખવાથી આપણે કદી નહિ ઠગાઇએ.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨